Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૩૦ • તા. ૨૩ જુલાઈ ૨૦૧૮ થી ૨૯ જુલાઈ ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20

## ગઢશીશા નગરે અચલગચ્છાધિપતિશ્રીનું ચાતુર્માસ પ્રવેશ





## સાંચરા નગરે સાધ્વીજી ગુરૂભગવંતોનું ચાતુર્માસ પ્રવેશ







## મુલુંડ નગરે ગુરૂભગવંતોનું ચાતુર્માસ પ્રવેશ











# ભાંડુપ નગરે ગુરૂભગવંતોનું ચાતુર્માસ પ્રવેશ











# અમેરિકાની આગવી દુનિયા : એનાપોલીસ

– ચંદ્રિકા લોડાયા, જન્મભૂમિમાંથી સાભાર

**હોડીઓ, જૂનવાણી છતાં ઠાવકાં ઘરો અને મોજભર્યું જીવન અમેરિકાની આ જૂની રાજધાની પર્યટકો માટે મજાનું સ્થળ છે.**







યુરોપનાં નાનાં ગામો બહુ રળિયામણાં લાગે છે. ત્યાં આધુનિક સગવડો પણ ભરપૂર હોય છે. અમે એવાં ગામોમાં એક-બે દિવસ રોકાયાં છીએ. એ સંદર્ભે એનાપોલીસ જવાના સંજોગો ઊભા થતાં આનંદ થયો. એનાપોલીસ ન્યુ યોર્કથી ૨૧૫ માઈલ છેટે છે. વોશિંગ્ટનથી એ ૩૨ માઈલ દૂર છે અને બાલ્ટિમોરથી પણ લગભગ એટલા જ અંતરે છે. સેવર્ન નદી જ્યાં ચેસઅપીક અખાતને મળે છે એ નદીમુખ પર આ શહેર છે. નાનું છે છતાં એનો દરજ્જો મોટો છે. એનાપોલીસ મેરીલેન્ડની રાજધાની છે. જ્યોર્જ વોશિંગ્ટન અને થોમસ જેફરસનના જમાનામાં એનાપોલીસ એમરિકાનું પાટનગર રહી ચૂક્યું છે. અમેરિકાની ચોક્કસ રાજધાની નહોતી ત્યારે, ૨૬મી નવેમ્બર ૧૭૮૩ થી ૧૩મી ઑગસ્ટ ૧૭૮૪ સુધી એ દેશનું પાટનગર એનાપોલીસ હતું. હવે એની પાસે અમેરિકાના સેઈલિંગ કેપિટલનું બિરુદ છે.

અમે ડાઉનટાઉન કહેવાતા શહેરના મધ્ય ભાગમાં ગયાં જે એનો મુખ્ય ભાગ છે. ત્યાં ૧૮મી સદીનાં અનેક મકાનો જળવાયાં છે. કહેવાય છે કે આખા અમેરિકામાં સૌથી જૂનાં મકાનો એનાપોલીસમાં છે. એક સમયે ઈંગ્લેન્ડની વસાહત હોવાને લીધે એના માહોલમાં ઈંગ્લિશ છાપ છે. એનાપોલીસ નામ પણ ગાદીની વારસદાર રાજકુમારી એનના નામ પરથી પડ્યું છે. ત્યાં ઘણી રેસ્ટોરાં અને દુકાનો છે. ૧૬૯૨માં બંધાયેલું સેન્ટ એન્સ ચર્ચ ત્યાં છે. ચર્ચની બારીઓ તે સમયે સ્ટેનગ્લાસ માટે પ્રખ્યાત ટિફેનીસે બનાવી છે. ઈસ્ટપોર્ટ એનાપોલીસનો પછીથી વિકાસ પામેલો ભાગ છે. એક પુલ ઈસ્ટપોર્ટને એનાપોલીસ સાથે જોડે છે. ત્યાં વસનારા લોકો માટે તો સદૈવ જાણે વેકેશન માણતા હોય એવું વાતાવરણ છે. ઘણી હોડીઓના માલિક પોતાની હોડીઓને ઈસ્ટપોર્ટમાં લાંગરે છે. પાણીમાં ઝોલાં ખાતી હોડીઓ, કાંઠા પર રેસ્ટોરાં, બોટયાર્ડ સાથેના મોંઘાં ઘરો આરામદાયક જીવનશૈલીનો ખ્યાલ આપે છે. બોટિંગના શોખીનો ત્યાં વસે છે. અહીં વિક્ટોરિયન, કોટજિસ, આધુનિક એક દરેક પ્રકારના ઘરે છે, પરંતુ સામાન્ય મનુષ્ય માટે એ દોહ્યલાં છે.

સન ૧૮૪૫માં સ્થપાયેલી યુનાઈટેડ સ્ટેટ નેવલ એકેડેમીનું એનાપોલીસમાં મહત્ત્વનું સ્થાન છે. એકેડમીનું સ્થાપત્ય ધ્યાનકર્ષક છે. લોકેશન સુંદર છે. ત્યાંથી પાણી અને

અનુસંધાન પાના નં. ૬ ઉપર

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ઉદયન લાલજી લોડાયા

**અંક નં. 30/2018**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સમીપે**

# આગામી સંમેલનની પૂર્વ તૈયારી માટે જ્ઞાતિજનો ઉપયુક્ત પ્રતિસાદ આપે....

સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ અને મેનેજીંગ ટ્રસ્ટીઓએ સંમેલનની પૂર્વ તૈયારી રૂપે જ્ઞાતિ સંપર્કના પહેલા દોરમાં જુલાઈના પહેલા સપ્તાહથી પ્રારંભ કરીને મુંબઈ સહિત અનેક વિસ્તારોમાં વિવિધ સભાઓ-બેઠકો યોજી છે અને તે પ્રકારનો બીજો દોર પણ શરૂ થઈ ચૂક્યો છે. અત્યાર સુધી તેને કોઈ સ્થળે જ્ઞાતિ મહાજનો અને જ્ઞાતિજનો દ્વારા ઘણા ઉમળકાથી આવકાર મળ્યો છે અને કોઈક સ્થળે અતિ સાધારણ સ્વરૂપનો પ્રતિસાદ મળ્યો છે તે હકીકત સમસ્ત મહાજનના મુખ્ય સંચાલક ટ્રસ્ટીઓ અને અન્ય ટ્રસ્ટીઓના નિરીક્ષણમાં આવી જ હશે. અલબત્ત, સમગ્ર જ્ઞાતિને આવરી લેતા આ સંમેલનની વિશાળતાના પરિપ્રેક્ષ્યમાં આ પ્રકારના મિશ્ર પ્રતિસાદો અનુભવાય તે સ્વાભાવિક છે અને આવા મોટા કદના આયોજનની પૂર્વભૂમિકા બંધાતી હોય ત્યારે શરૂઆતના તબક્કે જેમણે અતિશય વધારે ઉમંગ-ઉત્સાહ દાખવ્યા હોય તેમાંના ઘણા ખરા ક્રમશઃ અથવા અંતભાગે સાવ નિરસતામાં સરી પડ્યા હોય અને સામે પક્ષે, જેમણે આરંભના તબક્કે મોળો ઉત્સાહ દાખવ્યો હોય તેમાંના મોટા ભાગના ક્રમશઃ અથવા છેલ્લે છેલ્લે વિશેષ માત્રામાં આ આયોજનમાં ઓતપ્રોત થઈને તેને સફળ બનાવવામાં મોટી ભૂમિકા ભજવી હોય તેવા પણ અનુભવો થતા રહે છે તે દષ્ટિએ, સમસ્ત મહાજનના આ અધિકારીઓ, એકવાર જુદા જુદા વિસ્તારોના જ્ઞાતિજનો અને મહાજનોના પદાધિકારીઓ સાથે વિચાર વિમર્શની સભા-બેઠકો યોજવાની ઔપચારિકતા પૂરી કરે તે પછી પણ સતતપણે દર પાંચ-સાત દિવસે - તેમની સાથે કેટલા પ્રમાણમાં સંપર્ક સૂત્રતા જાળવી રાખશે તેના પર જ આ સંમેલનને અર્થપૂર્ણ ઓપ આપી સાકાર-સફળ બનાવવાનો આધાર રહેલો છે.

અલબત્ત, હકીકતમાં તો સમસ્ત મહાજનના મુખ્ય સંચાલકો જ માત્ર નહીં પરંતુ શેષ સર્વ ટ્રસ્ટીઓએ ચોક્કસ અર્થ ગંભીર કાર્યસૂચિને પ્રમાણિકપણે વફાદાર રહીને આ સંપર્ક સૂત્રતા અકબંધ રાખવાની જવાબદારી વહેંચી લેવી પડશે તો જ સંમેલનને સાચા સ્વરૂપની સાર્થકતા મળશે, એ વાત ભૂલાવી ન જોઈએ.

તેવી જ રીતે, સમસ્ત મહાજન દ્વારા ગત ૬ જુલાઈની સભાઓ-બેઠકો યોજાઈ તે દરમ્યાન, નારી સશક્તિકરણ સમિતિ, યુવાશક્તિ સમિતિ અને મેડિકલ એડવાઈઝરી સમિતિ જેવી વિવિધ સમિતિઓની પણ નિમણુંક થઈ છે તેમાં એક પ્રશંસનીય અને અભિનંદનીય પાસું એ છે કે આ સમિતિઓના અધ્યક્ષ કે કન્વીનર જેવા કોઈ હોદાઓ રાખવામાં આવ્યા નથી તે તો એક વાત થઈ, પરંતુ તે ઉપરાંત, સમસ્ત મહાજનના મુખ્ય અધિકારીવર્ગે જે જે વિવિધ સ્થળોએ જ્ઞાતિજનો અને મહાજનો સાથે સભાઓ યોજી છે અને યોજી રહ્યા છે તેમાં તેઓ ભારપૂર્વક આગ્રહ કરે છે કે જે જે જ્ઞાતિજનોએ ઉપરોક્ત સમિતિઓમાં જોડાવવું હોય તેઓ પણ પોતાની રીતે સામે ચાલીને ઈચ્છા પ્રદર્શિત કરશે તો તેઓ પણ આવકાર્ય રહેશે. તેના પ્રત્યુત્તરમાં વધુ ને વધુ જ્ઞાતિજનો આગળ આવે તે પણ, સંમેલનની અર્થપૂર્ણ પ્રતિમા ઘડવામાં ખૂબ જ સહાયભૂત થશે તેમ પણ ચોક્કસપણે કહી શકાય.

આશા રાખીએ કે, જ્ઞાતિજનો, સમસ્ત મહાજનના પદાધિકારીઓ કે ટ્રસ્ટીઓને પોતાના જ બંધુ-સખી-મિત્ર જેવા સ્વજનો ગણીને તેમની સાથે સંપર્ક સાતત્યની કેડી કંડારશે અને તે રીતે બૃહદની જ્ઞાતિની નવનિર્મિતિના ભગીરથ ઉપક્રમમાં સહભાગી થવાની આ રીતની નવી પ્રણાલિકા ઉભારશે.

– રા.

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ - ઘાટકોપર

### વાર્ષિક સામાન્ય સભા
### (Annual General Meeting)

શ્રી ક. દ. ઓ. જી. વી. સી. જૈન સંઘની વાર્ષિક સામાન્ય સભા **રવિવાર, તા. ૦૫-૦૮-૨૦૧૮ સવારના ૯.૩૦ ક. સ્થળ : રૂઈયા હોલ, ૧લે માળે, હોલ, રાષ્ટ્રીય શાળા સ્કુલ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૭૭** મધ્યે રાખવામાં આવેલ છે. સવારના ૯.૦૦ ક. નવકારશીની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**એજન્ડા (કાર્યસૂચી)**

૧) ગત સામાન્ય સભાની મીનીટ્સનું વાંચન તથા બહાલી.
૨) તા. ૧-૪-૧૭ થી તા. ૩૧-૩-૧૮ના હિસાબોનું રજુઆત તથા બહાલી.
૩) આ વર્ષના ઓડીટરની નીમણુંક.
૪) પર્વાધીરાજ પર્યુષણ પર્વના કાર્યક્રમની રજુઆત.
૫) સભાના પ્રમુખશ્રીની પરવાનગીથી અન્ય વિષયો પર ચર્ચા.

તા. ૧/૪/૨૦૧૭ થી તા. ૩૧/૩/૨૦૧૮ ના હિસાબી પેપર જનતાને જોવા માટે તા. ૩૦/૭/૧૮ થી ૪/૮/૧૮ સુધી રૂમ નં. ૧૦૪, અનંતછાયા મધ્યે સવારે ૯.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી રાખવામાં આવશે.

UPASANA-9820167767

## કલર પેજ જાહેરાતો માટે સૂચના

'પ્રકાશ-સમીક્ષા'ના રંગીન પાનાં ચાર (૪)ના ગુણાંકમાં છપાતા હોવાથી પુણ્યતિથિ કે જન્મ-લગ્ન-જયંતિને લગતી જાહેરાતો અઠવાડીયા પહેલાં મોકલાશે તો તે બધી જાહેરાતોનો સમયસર સમાવેશ કરવામાં અમને આર્થિક કારણોસર મુશ્કેલ બને છે. આ પ્રકારની જાહેરાતો માટે ત્રણેક અઠવાડીયા પહેલાં અમને જાણ કરાશે તો જ સુગમતા રહેશે. તેવી જ રીતે શ્રધ્ધાંજલિ અને અભિનંદનની બધી જાહેરાતોને પણ તે જ અઠવાડીયાના આગામી અંકમાં પ્રગટ કરવાનું હંમેશા શક્ય બનતું નથી. તેમજ કલર કે અન્ય જાહેરાતો માટે કોઈ ચોક્કસ પાનાનો કે સેન્ટર પેજનો અથવા અગાઉથી બુકીંગ કરવા માટે આગ્રહ રાખવો નહીં. જે સપ્તાહે ચાર (૪)ના ગુણાંકની સંખ્યાના પાનાની કલર જાહેરાતો મળશે તેટલી સંખ્યાની જાહેરાતો જ પ્રગટ કરવાનું શક્ય બનશે, તેની નોંધ લેવા અને સહકાર આપવા વિનંતિ.

**- વ્યવસ્થાપક**

## વહીવંચા અને આપણો ઈતિહાસ - ગાલા ગોત્ર

**રમેશ મુલજી લોડાયા, ભરૂડિયા-મુલુંડ, મો. 9820336767**

આપણાં પ્રથમ વસતિ પત્રકમાં કુલ ૪૦ ગોત્ર છે જે પૈકી અડધા (૨૦) ગોત્રની કુલ સંખ્યા ૪૫૬ની છે જે એ વખતની કુલ વસતિ ૧૧૦૮૮નાં માત્ર ૪.૧૧ જેટલી હતી અને કોઈપણ ગોત્રની સંખ્યા ૬૫થી વધારે નહતી. વળી આવા ૨૦ ગોત્રમાંથી ૧૩ ગોત્રનો વસવાટ માત્ર એક-એક ગામમાં હતો. આ ગોત્રોના નામ સાવલા, વોરા, ગાલા, લુઠિયા, હેફા, ધરોડ, ગડા, સાંયા, ભેદા, કાંકણ, પનપારિયા, ગુટકા, બોરીચા, માંયા, ચુરલા, લધડ, ભૂર, ખોંભડા, સંઘવી અને ગંગર છે જે પૈકીના ચાર ગોત્રો ગંગર, ભૂર, લધડ આજે વિલીન થઇ ગયા છે.

ઉપરોક્ત ગોત્રમાંનું એક ગોત્ર ગાલાની સંખ્યા આપણી જ્ઞાતિમાં અલ્પ છે પણ વીસા ઓસવાલનું એક મોટું ગોત્ર છે. સવંત ૧૮૯૭ નલીયા જિનાલય પ્રતિષ્ઠા પ્રસંગે કે ત્યાર બાદ સં. ૧૯૦૦માં જ્ઞાતિએ પુનર્લગ્નનો પ્રચલિત રિવાજ બંધ કરાવ્યો અને આપણી જ્ઞાતિમાં ઘણા ગોત્રો પુનર્લગ્નોને કારણે વીસા ઓસવાલમાંથી છૂટા પડી જોડાયા હતા તે અટકાડને જોતા આ ગોત્રોનું આપણી જ્ઞાતિમાં આગમન ૧૭૫ વરસ જેટલું પ્રાચીન ગણી શકાય. ઉપરોક્ત સંખ્યા જોતા બહુ અલ્પ સંખ્યા છે જે બહુ મોડેથી આગમન સુચવે છે.

ગાલા ગોત્રનું મૂળ યદુવંશી છે ભટીવંશની શાખા છે. શ્રીકૃષ્ણ ભગવાનની નવમી પેઢીએ રાયભટ્ટી થયો મારવાડમાં આવી ભટનેર નગર વસાવ્યું ત્યાર પછી તે વંશમાં ૧૬મી પેઢીએ રાઉલ જેસલ થયે. જેણે જેસલમેર વસાવ્યું. આગળ જતાં તે વંશમાં ૨૫મી પેઢીએ રાવ શિવરાજ થયા જેણે કોટડા વસાવ્યું. શિવરાજના વંશજ અનુક્રમે શ્રીચંદ, વિજયચંદ જયચંદ, નરચંદ અને સોમચંદ થયા.

આ સોમચંદ્ર કોટડામાં રાજ્ય કરતો હતો. તે પોતાનું સૈન્ય બનાવી લૂંટફાટ કરતો હતો. એ અરસામાં અચલગચ્છાચાર્ય જયસિંહસૂરિ પોતાનાં ૫૦૦ શિષ્યાના પરિવાર સાથે જેસલમેર તરફ વિચરતા ત્યારે માર્ગમાં સોમચંદ્રે તેમને લુંટવાનો પ્રયાસ કર્યો. ગુરૂએ તમામને વિદ્યા બળે સ્તંભીત કર્યો. સોમચંદ્રની માતાએ ગુરૂ પાસે આવી ક્ષમા માગી સૌને મુક્ત કરવા વિનંતી કરી. ગુરૂએ લૂંટફાટનો ધંધો બંધ કરે તો મુક્ત કરી શકાય તેમ જણાવ્યું. માતાએ કબુલ્યું. ગુરૂએ સૌને મુક્ત કર્યા. પાછળથી સં. ૧૨૧૧માં સોમચંદ્રે જૈન ધર્મ અંગીકાર કર્યો. કુળદેવી વિસલમાતા મૂળ સ્થાન શિવકોટડા અને બીજું સ્થાન નગર પારકર.

સોમચંદ્રને પુત્ર હતો જેનું નામ ગાલ્હા (ગાલા) તેની વંશાવલી આ મુજબ છે. ગાલ્હા-ઘણાપાર-ગુહડ-જેસલ-જગસી-બુટો-કાંકણ-ખીંઅદ-ઉહડ. આ ઉહડને સાત પુત્રો યાથયુ, સમરખી, બુહડ, વહંદીઓ, કટારીઓ, અધોઇયો ઉર્ફે ભુગતરીયો અને ઘલઇયો જે પરથી આથા ગાલ્હા, સમરખી ગાલ્હા, બુહડ ગાલ્હા, વહંદ ગાલ્હા, કટારીયા ગાલ્હા, અધોઇયા ઉર્ફે ભુગતરીયા ગાલ્હા અને ઘલઇયા ગાલ્હા એવી સાત ઓળખો થઇ. જોકે આ બધી ઓળખો આજે માત્ર ગાલ્હા (ગાલા) નામથી જ ઓળખાય છે. સોમચંદ્રના પુત્ર ગાલ્હાથી ગાલા ગોત્ર થયું.

આ ગાલાના વંશજો ચોરવાડ, વાગડ, કોહાડા, બિદડા, બાડા, દેસલપર, રતનાણી, ફરાદી, ભુજપર, વીજરખી, આસંબીયા, કોડાય, વડાલા, વરાહીંયા, ખાખર, બેરાજા, તેરા, ગલીચુરા, બીસરા, ટંડુલી, છસરા, રતાડિયા, ડોણ, ગુંદાલા, વીસોતરી, આરીખાણા, ભોજાય, લોઠિયા, લાખાપર, વાંકી, સરમત બેરાજા, ઝાંખર, લાકડિયા, કાંડાગરા, કાલુસબગંડા, રાયણ, લાયજા, નારાણપુર, ચાંગડાઇ, પુનડી, કુંદરડી, સેરડી, દલની તુંબડી, ડબાસંગ, વસઇ, ચેલા, કટારીયા, જોગવડ, ભારાપર વિગેરે કચ્છ, હાલાર મારવાડનાં ગામોમાં ફેલાયા છે.

### પ્રકાશ સમિક્ષાનું પાક્ષિક પ્રકાશન

પ્રકાશ સમીક્ષા સમિતિની ૯ મે ૨૦૧૮ની સભામાં, 'પ્રકાશ સમીક્ષા'ને સાપ્તાહિકને બદલે પાક્ષિક તરિકે પ્રગટ કરવાનું નક્કી થયું હતું તેના અનુરૂપમાં ૨૬ જુલાઇ ૨૦૧૮ના આવશ્યક સોગંદનામું કરવામાં આવશે તે પછી ન્યુઝપેપર રજીસ્ટાર, દિલ્હી દ્વારા તેની નોંધણી કરવાની કાર્યવાહી થશે. તે દરમ્યાન ટપાલ વિભાગની અનુમતિ મળશે તો પાક્ષિક તરિકે પ્રગટ કરી શકાશે. જ્ઞાતિજનોને સર્વ સંબંધિત માહિતીથી વખતોવખત વાકેફ કરતા રહેશું તેની નોંધ લેવા અને સહકાર આપવા નમ્ર વિનંતી.

આને અનુલક્ષીને આર. એન.આઇ. તથા ટપાલ ખાતાની કેટલીક કાર્યવાહીઓ કરવાની હોતા સંભવતઃ આ અંક સાપ્તાહિક સ્વરૂપનો છેલ્લો અંક હશે. અને હવે પછી પાક્ષિક તરીકેનો પ્રથમ અંક ૫ ઑગસ્ટના પ્રકાશિત થશે.

સમિતિના નિર્ણય મુજબ પ્રકાશ સમીક્ષા પાક્ષિકને બહુભાષી મેગેઝીન તરીકે રૂપાંતર કરવાની કાર્યવાહી પણ ટુંક સમયમાં શરૂ કરાશે.

**'પ્રકાશ-સમિક્ષા સમિતિ'**

ગાલામાંથી હાયાણી નાગાર્જુનાણી, વાઘાણી, વીસાણી, સીવાણી, જેસંગાણી, દેધરાણી, ચાચીંગાણી જેવી ઓડખો નીકળી છે.

કોટડાનો નાશ થવાથી સોમચંદ્રનો પુત્ર ગાલા સિંધમાં ગયો. આપણી જ્ઞાતિમાં ગાલા ગોત્ર તેરા, મંજલ અને કોટડી ગામમાં છે. આથા ગાલાની આગળ વંશાવલી આ પ્રમાણે છે. આથયુ પુત્ર કાકુ-પુત્ર વકાર-પુત્ર સોહદે-પુત્ર આસાણંદ-પુત્ર માહીયો, પુત્ર આસમલ. આ આસમલ પુનર્લગ્ન કરતાં વીસા ઓસવાલમાંથી છૂટો પડી તેરામાં વસ્યો. તેની પાંખડી :

૧) તેરા : નીરવ-ચેતન-ખીમજી-ચત્રભુજ-લાલજી-પરબત-ખેતસી-દેવરાજ-થોભણ-ગડસી-મેઘણ-ભાણા-આસમલ-માહીઓ.

૨) તેરા : પ્રીતેશ-લહેરચંદ-શામજી-ખેતસી-વસાઈયા-દેવરાજ-ગોવધો-વીરા-નાગોધર-માવા-ગેલાણી-આસમલ-મહીયાણી.

૩) મંજલ : હેમેન્દ્ર-દિલીપ-ખીમજી-મેગજી-મણસી-વસાઈયા-દેવરાજ.... (આગળ નં. ૨ મુજબ)

વહીમાં અન્ય એક નોંધ મુજબ આથલુ, પુત્ર ભીંયો, પુ. ભેડો, પુ. પુરીઓ, પુ. જેહીયો, પુ. રતન, પુ. હરગણ, પુ. ગણપાલ, પુ. ખેતસી, દશો થયો. ગાલા ગોત્રની અન્ય બે પાંખડી આપણી જ્ઞાતિમાં કોટડી અને મંજલમાં છે. પરંતુ તેમને આગળ જોડી શકાય નથી. આ પાંખડી નીચે મુજબ છે.

૪) મંજલ : હર્ષ-ભુપેન-લક્ષ્મીચંદ-રતનશી-કુંવરજી-આણંદજી-સારંગ-સોજપાર.

૫) કોટડી : ચેતન-દામજી-હંસરાજ-નેણસી-જેઠા-ડાહ્યા-લીલાધર.

**- ક્રમશઃ**

---

**એનાપોલીસ :** પાના નં. ૨ ઉપરથી ચાલુ

એમાં તરતી હોડીઓ દેખાય છે. કેમ્પસ (અહીં કેમ્પસને યાર્ડ કહે છે.) પર લટાર મારી બિલ્ડિંગો જોઈને નીકળી ગયા હોત તો અમને એ કોઈ કોલેજ કેમ્પસ જેવું લાગત. અમે ૧૦ ડૉલર ખર્ચીને ટૂર લીધી એટલે ઘણું જાણવા મળ્યું. દોઢેક કલાકની ટૂરમાં અમને મેમોરિઅલ હૉલ, ડોરમેટરી, કેફેટેરિઆ, ગિફ્ટશોપ, મ્યુઝિયમ બધું બતાવવામાં આવ્યું. મ્યુઝિયમમાંના જૂના જમાનાનાં વહાણોનાં મૉડેલ રસપ્રદ લાગ્યાં. નેવીના કેડેટ કેવી રીતે તાલીમ લે છે તેનો ખ્યાલ આવ્યો. અમને પરેડ કરતા કેડેટ જોવા મળ્યા ત્યારે એ દૃશ્ય અમને અમારી મુલાકાતનું ઉચ્ચત્તમ બિંદુ લાગ્યું.

બ્રિટિશરોથી છેડો ફાડીને કરાયેલા અમેરિકાની સ્વતંત્રતાના એલાન પર સહી કરનારાઓમાં ચાર જણ એનાપોલીસના હતા. ચારમાંનો એક વિલિયમ પાકા જેમાં રહેતો તે ૧૭૬૦માં બંધાવાયેલા પાકા હાઉસને જોવા અમે ગયાં. વિલિયમ ત્રણ વખત મેરીલેન્ડનો ગવર્નર બન્યો હતો. પાકા હાઉસ એક વિશાળ બંગલો છે જેની ફરતે સુંદર બગીચો છે. ઘર અંદરથી જોવા ગાઈડેડ ટૂર લેવી ફરજિયાત છે. અંદરથી જોતા અઢારમી સદીમાં અમેરિકામાં લોકો શી રીતે રહેતાં હતાં તેનો ખ્યાલ આવ્યો. મેરીલેન્ડ સ્ટેટ હાઉસ જૂનું મકાન છે. એ ૧૭૭૨માં બંધાયું ત્યારથી મેરીલેન્ડ રાજ્યની ધારાસભા માટે વપરાય છે અને આજે પણ વપરાશમાં છે. જ્યોર્જ વોશિંગ્ટને આર્મીમાંથી આ મકાનમાં રાજીનામું આપેલું, જેથી પોતે પ્રેસિડન્ટ બની શકે. એનો પહેલો માળ મુલાકાતી માટે ખુલ્લો છે.

એનાપોલીસની વિશેષતા એના નૌકા ઉદ્યાગને લીધે છે. નૌકા ઉદ્યોગે શહેરને ખીલવાની અને સમૃદ્ધ થવાની તક આપી છે. પાણીમાં લંગર નાખીને ઊભેલી હોડીઓ શહેરને ભાતીગળ સ્વરૂપ આપે છે. અમે ડોક પર ચક્કર મારીને આવતી જતી હોડીઓને નિહાળી. ડોકની પાસે દર રવિવારે ખેડૂતોની બજાર ભરાય છે. આજુબાજુનાં પ્રદેશોમાંથી આવીને ખેડૂતો શાકભાજી, ફળો, ફૂલો, ચીઝ વગેરે વેચે છે. એનાપોલીસમાં દર વર્ષે બોટ શોનું આયોજન થાય છે. અને આયોજકોના મતે એ દુનિયાનો સૌથી મોટો બોટ શો હોય છે. તેમાં સેઈલ અને પાવર બોટની સાથે માર્કેટમાં નવી આવેલી બોટ જોવા મળે છે. બોટિંગમાં નવાસવા હોય એમને આ વિષયનું જ્ઞાન આપવામાં આવે છે. જેમને હોડીઓમાં રસ હોય કે હોડી લેવી હોય એમણે આ શો માણવા જોઈએ. ચેઅપીક બેમાં સ્કૂનરમાં અમે બે કલાકની સફર માણી. સ્કૂનર એટલે બે કૂવાથંભવાળું વહાણ. સઢોવાળા વહાણમાં અમે સિંદબાદની જેમ સફરે નીકળ્યાં હોઈએ એવી લાગણી થઈ. અમે યુ.એસ. નેવલ એકેડેમી પાસેથી પસાર થયાં. પાણીમાંથી જોતાં આકાશની ઓથે રચાતી શહેરની આકૃતિ દર્શનીય લાગતી હતી. દર બુધવારે રાતે સેઈલિંગ રેસ હોય છે. અમે રેસ જોવા ઈસ્ટપોર્ટના પૂલ ઉપર ઊભાં રહ્યાં. અમારી જેમ બીજા પર્યટકો પણ રેસ માટે પુલ પર ગોઠવાઈ ગયાં હતાં. સાંજે છ વાગ્યે રેસ ચાલુ થઈ, જેમાં સોથી વધુ હોડીઓ જોડાઈ. શ્વેત અને નીલરંગી સઢો પાણી પર ઝડપથી સરકી રહ્યા હતા. કેટલાક લોકો કિનારે આવેલી રેસ્ટોરામાં જમણ લેતાં રેસ નિહાળી રહ્યા હતાં. ઉનાળામાં એટલે કે એપ્રિલથી સપ્ટેમ્બરમાં હોડીની આ સ્પર્ધાઓ એનાપોલીસની યોટ ક્લબ તરફથી યોજાય છે.

**જાણવા જેવું :** ● એનાપોલીસસ એના પથિકાશ્રયો (ઈન) માટે જાણીતું છે. ત્યાં આધુનિક હૉટેલ્સ પણ છે. દરેક ખિસ્સાને અનુકૂળ રહેવાની સગવડ છે. ● વોશિંગ્ટન, બાલ્ટિમોર, ન્યુ યોર્ક બધેથી એનાપોલીસ માટે બસ મળે છે. ● સામાન્ય રીતે બોટ શો એપ્રિલ અને ઑક્ટોબરમાં હોય છે.

## SEVENTEEN AT SEVENTY

By **Tilakchand K.L.** (Former Chief Commissioner of Income Tax), Chennai - **9940636646**

To me Bhisma Pitamah's famous **'Itchha Mrutyu'** means to live happily with zest and zeal, as long as one lives, is in once own hands and Desire. It may be reworded as **'Itchha Jivan'**. It is meaningless to lead a dead life. And this can be attained or cultivated by developing Positive attitude and approach to life from childhood. It cannot be developed overnight on the first day after celebrating 60th Birthday.

Ageing with increasing zeal of living is life. We all have been culturally and socially conditioned to viewing old age as something undesirable and unwanted. But age is just a perception. It's all in our mind. Human life is a creative carnival. A Mahostav. It makes my life full of 'Joie De Vivre'.

We should agree with Robert Browning, who wrote that "Grow with me, the Best is yet to come." Seniors must understand that they are not old. Rather they are getting greater and deeper maturity to see life in its totality. Longevity is a rare blessing of nature and a reasonable disciplined life. The Persians understand that ageing itself is a process of 'Irfan' – Self-realisation and actualisation. We stay Youthful, if we think ourselves to be forever young in mind, body and soul.

Following Tennyson, we should drink life to the Lees (Last drop). Human Life is a blessing, a boon. Make health a priority and please don't waste the precious gift of nature- a human life.

For achieving this bliss one has to plan from young age and also develop the following qualities of head and heart:

**1. Age consciousness -** Never say or feel that I am aged. There are three ages, chronological, Biological and Psychological. The first one is calculated on the basis of our date of birth; the second is determined by our health conditions; the third is how old we feel we are. While we don't have control over the first, we can take care of our health with good diet, exercise and cheerful attitude. A positive attitude and optimistic thinking is your forte and this can reverse the third age.

**2. Health should become the only priority -** Routine walks, appropriate exercise, meditation should be essential part of your daily time table. Health check-ups and insurance to be added in your plans. For better health pursue whichever hobby and work you enjoy. If you are in business, delegate slowly the responsibilities to your heirs. The proverb learnt in childhood that "Health is Wealth" becomes the most important requirement to enjoy all other things mentioned in this essay.

**3. Finance Management -** Money is essential for meeting the basic necessities of life, keeping good health and earning family respect and security. Provide for your old age and keep them with you till end. Keep your wife conversant with your finances. Spend according to your head and heart. Don't spend beyond your means even for your children. You have lived for them all through and it is time you enjoyed a harmonious life with your spouse. You should not be their eternal Debit card. If your children are grateful and they take care of you, you are blessed. But, never take it for granted.

**4. Relaxation and recreation -** Healthy relationships and faith in God, time spent with the spouse, may be even in silence, good sleep, music, laughter, pursuit of a hobby etc. are most relaxing and recreating.

**5. Accept the Change -** Change is inevitable. Reduce the gap in your thinking and expectations between what is and what ought to be. Wider the gap more miserable you become. Please don't drive by looking in to the rear view mirror. Past has gone. It will never come back. Don't magnify it. Live in the present, on which you have control.

**6. Forget and Forgive -** Face life as it comes. Accept yourself as you are and others as they are. Never attempt to change anybody. You may change yourself. Don't carry past baggage of unhappy incidents and events in your journey of life. Less luggage more comfort. Forget the unpleasant events and forgive the personalities.


**સોનલ આર્ટ**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક,
મોચી ટાકો, બટ કસબની સાડીઓ અને
ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.

**શાંતીભાઈ - 9967841792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ,
રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા.

# સમય નથી....

ઘડિયાળને ટકોરે ચાલતી દુનિયા પાસે જાણે સમય જ નથી. સૂરજ પ્રગટેને લોકોમાં પ્રાણ રેડાય, જાણે અજાયબ શક્તિ લોકોને દોડાવી રહી હોય. સૂરજ આથમે તે સાથે જ ચાંદા મામા પ્રગટે અને દોડતું જીવન થંભી જાય. બે કાળમાં જીવતી દુનિયા પાસે સમય નથી. દિવસના કલાકો દરેક પાસે સરખાં છે તેમ છતાં સમયને લઇને દરેક વ્યક્તિ પરેશાન છે. કોઇને સમય જતો નથી તો કોઇને સમય મળતે નથી. સમયને લઇને લોકો પાસે બહાના પણ અનેક છે. જોકે અમુક લોકો એવા પણ હોય છે કે જેમની પાસે સમય ન હોય તેમ છતાં જેમ તેમ કરીને કોઇ ઉપાય શોધી સમયને બમણો વાપરવાની કોશિષ કરતા હોય છે. તો બીજા તરફ એવા પણ લોકો હોય છે જેમને સમયની કોઇ કદર જ હોતી નથી. જે લોકો સમયને વાપરવાની કોશિષ જ ન કરે, ત્યારે સમય જ તેમને વાપરી નાંખે છે. હવે તમને મૂળ વાત પર લઇ જવાની મારી ઇચ્છા છે. મોટાભાગના ઘરે એક ફરિયાદ દરેક પત્ની કરતી હશે. આ શબ્દો દરેક પતિના કાને રમતા હશે. આ સમસ્યા મોટાભાગની પત્નીઓ અનુભવતી હશે. મારા પતિ મને સમય આપતા નથી. મારાથી તમે દૂર રહેવાની કોશિષ કરો છો. તમે તો જમી કરીને તરત જ પથારીએ પહોંચી જાવ છો. તમે તો ઘરને પણ ઓફિસ બનાવી  લીધી છે. આ સિવાય પણ અનેક ફરિયાદો પત્નીની હશે. હવે તો જમાનો બદલાયો છે. મોટા ભાગે પતિ-પત્નિ કામ કરતા હોય છે. એટલે બંને પક્ષ તરફથી આ પ્રકારની ફરિયાદો સામે આવે છે. કામનો ભાર લઇને ઘરે ફરેલા પતિ-પત્નિને પથારી જ આરામ આપે તે સમજી શકાય. દરેકને શાંતિ પસંદ છે. કોઇ એમ તો ન કહે કે હું અશાંતિનો આશીક છું. મને અશાંતિ જ ગમે છે. ઓફિસથી થાકેલો કે પછી દિવસ દરમ્યાન અલગ અલગ ઠેકાણે રખડેલો પતિ ઘરે આવે ત્યારે શાંતિ શોધે તે સ્વાભાવિક છે. પણ તે શાંતિ કેવી રીતે ગોતે છે તે ઘણું અગત્યનું છે. કોઇ ટીવીમાંથી, કોઇ પુસ્તકમાંથી, કોઇ બાળક સાથે રમીને, કોઇ પ્રેમઘેલી વાતો કરીને, કોઇ નશામાંથી....

જેમ જેમ લગ્ન જીવન સમય સાથે આગળ ધપે, ખબર નહીં કેમ જવાબદારીઓના ટોપલા નીચે પ્રેમ દબાય જાય છે. જાણે જીવન એક રૂટીન બની જાય છે. દાળ, ભાત, શાક અને રોટલી. દરેક ઘરની આ રામાયણ છે તેમ ન સમજશો. પણ જો સમયને વાપરતા નહીં શીખો તો આવી રામાયણ થશે. જે સમયને ડબલ વાપરે છે તે પરિવાર સુખી છે. સમયને ડબલ વાપરવાની મારી વ્યાખ્યા મુજબ, ઓફિસનું કામ ઓફિસ અને ઘરનું કામ ઘરે. જે વ્યક્તિ જે ઉત્સાહ સાથે ઓફિસનું કામ કરી શકે છે. તેણે એટલા ઉત્સાહ સાથે ઘર માટે પણ સમય વાપરવો જોઇએ. લોકો ઓફિસથી શરીર લઇને ઘરે આવી જાય છે, પણ તેમના વિચારો કામકાજમાં રહેતા હોય છે. તે ઘરમાં તો હોય છે. પણ ઘરના સભ્યો સાથે હોતા નથી. હવે તો માણસ ત્રીજી દુનિયામાં પણ રહેતો થઇ ગયો છે. હવે માત્ર ટીવી જ મનોરંજન આપે છે તેમ નથી. હવે ત્રીજી દુનિયા એટલે કે ઇન્ટરનેટની માયાજાળ. દરેક વ્યક્તિનાં ખિસ્સામાં જીવે છે. હવે માણસ માત્ર ઓફિસ કે ઘરમાં જ વ્યસ્ત રહે તેમ નથી, હવે તે ઇચ્છે ત્યારે વ્યસ્ત થઇ જાય. કામ ન હોય તો પણ સમય પસાર કરી શકે. જે વખતે ટીવી ન હતાં, માત્ર રેડિયો હતો. ત્યાર બાદ ટીવીનો પ્રવેશ થયો. તે પણ ધીરે ધીરે, તે વખતે દરેકના ઘરમાં ટીવી ન હતા. ઓટલે, ફળિયે, ટાઇમપાસ થતો, ઘરનાં સભ્યો સાથે બેસીને થતો, પુસ્તક વાંચીને થતો, ભજનમાં થતો, પણ હવે ત્રીજી દુનિયાથી વંચિત છે તે પણ માયાજાળની મજા લેવા આતુર છે.ભારતમાં સેલફોનનો પ્રવેશ થયો. તે અંબાણી પરિવારને આભારી છે. દરેકના હાથમાં મોટાભાગે રિલાયન્સ હતો. ધીમે ધીમે લોકોને ફોન ફાવી ગયો. નોકીયાનો જમાનો આવ્યો અને ત્યાર બાદ અને કંપનીઓ આવી. ટચ સ્ક્રીન ફોન આવ્યો. ઇટરનેટ આવ્યું. અને પછી ધડાધડ સોશ્યલ વેબસાઇટ આવી ગઇ અને ત્યાર બાદ રિયલ ટાઇમ મેસેજીંગ જેવા પ્લેટફોર્મ દરેકના હાથે પહોંચી ગયા. હવે રૂબરૂમાં મળવું અને સાથે સોશ્યલ નેટવર્કીંગ સાઇટસે લોકોમાં પ્રેમનો દિવો પ્રગટાવી લીધો છે. અજાણ્યાં પણ લોકો કેમ છે, કેમ છે કરતા થઇ ગયા છે. ભલે પોતાના પરિવારજનોની ચિંતા ન કરે પણ સોશ્યલ વેબસાઇટ પર આખા ગામને હેલો કરનારા અનેક લોકો મળી આવશે.. ત્રીજી દુનિયાનો આ ખુણો કેટલો ભયાનક પરિણામ લાવી શકે, પરિવાર પાસેથી સમય છિનવી તમે ત્રીજી દુનિયાને ભેટ સ્વરૂપે આપી રહ્યાં છો તમે મોટી ભુલ કરી રહ્યાં છો. બે સાથે બેઠેલા પ્રેમ પંખીડા પોતપોતાના મોબાઇલ  સાથે વ્યસ્ત હોય તેવા પણ દ્રશ્યો તમે જોયા હશે. એક જ ઘરમાં પરિવારનાં દરેક સભ્યો રાતે જમી કરીને પોતપોતાના મોબાઇલમાં વ્યસ્ત હોય તેવા ફેમીલી દશ્યો તમે જોયા હશે. મા-બાપ ટીવી જોઇ રહ્યાં હોય અને દિકરો કે દિકરી મોબાઇલમાં વ્યસ્ત હોય તે પણ દશ્યો તમે જોયા હશે. યુવાન છોકરા છોકરીને તો જવા દો હવે પરિસ્થિત ત્યાં સુધી બગડી ગઇ છે કે કિચનમાં મા રસોઇ બનાવામાં વ્યસ્ત હોય પણ મન મોબાઇલ ચેટીંગમાં પરોવાયેલું હોય તેમ પણ બને. કામનું બહાનું કાઢીને મોબાઇલ પર પોતાનો અંગત સમય કાઢીને સોશ્યલ મિડિયાને ભેટ સ્વરૂપે ન આપશા નહીં તો રિયલ સંબંધોમાંથી મીઠાશ જતી રહેશે. સંબંધોને ટકાવી રાખવા માટે પણ સમયની જરૂર છે.

આ સોશ્યલ વેબસાઇટ્સ ને કારણે સંપર્ક કરવો ઘણો સરળ થઇ ગયો છે. મિત્રોને, સ્વજનોને તુરંત સંપર્ક કરી શકાય છે. પણ શું ખરેખર માણસની ભુખ આટલામાં સંતોષ માની લે તેમ લાગે છે.

– **નિરવ નવિન મૈશેરી**, બાંઢીયા-ડોંબિવલી

## રોટલો છે ઓટલો નથી

– ઉદયન શાહ, સહતંત્રી

આપણા પૂર્વજોએ ૧૦૦ વર્ષ પહેલાં દુંરદેશી દાખવીને મહાજનો અને વિવિધ ટ્રસ્ટો દ્વારા ભારતભરમાં અને મુંબઈમાં જરૂરિયાતમંદ જ્ઞાતિજનો માટે, રહેઠાણો બાંધ્યા. આ રહેઠાણો જ્ઞાતિજનો ને આવ નજીવા ભાડા ઉપર આપવામાં આવ્યા અને એક શર્ત એવી પણ હતી કે જેમ જેમ આ રહેઠાણોમાં રહેતા જ્ઞાતિજનો પોતાનું ઘર ખરીદવામાં સક્ષમ બને કે તરતજ જ્ઞાતિએ આપેલું ઘર જ્ઞાતિને પાછું સુપ્રત કરવું જેવી બીજા જરૂરિયાતમંદ જ્ઞાતિજનનો સમાવેશ થઇ શકે. પણ, અકાદ અપવાદનો બાદ કરતા ખમતીઘર જ્ઞાતિજનો જે જ્ઞાતિના રહેઠાણોમાં વસવાટ કરે છે અને પોતાનું ઘર લઇ શકે છે આથવા લઇ શકતા હતા એ લોકોએ પોતાનું ઘર લેવાનો ક્યારે પણ પ્રયત્ન નથી કર્યો. જ્ઞાતિની માલિકીના ઘણોજ મકાનોમાં સમારકામની જરૂર હશે કે પુર્નવિકાસ શક્યતાઓ જરૂર હશે. સમારકામ ફક્ત મકાન માલિકની જવાબદારી નથી સાથે મકાનમાં રહેનારા ભાડુતોએ પણ સાથ સહકાર આપવો જરૂરી છે. મુંબઈમાં કેટલા મકાન માલિકોએ ભાડુતોની ફરિયાદ સાંભળી સમારકામ કરાવ્યા છે ?

જ્ઞાતિના રહેનાર મકાનોનો પુર્નવિકાસ કરીને ફક્ત એમાંજ રહેતા. જ્ઞાતિજનોને માલિક બનાવીએ તો બાકીના જરૂરિયાતમંદ જ્ઞાતિજનોનું શું ? એમનો વારો ક્યારે આવશે ? એક માહિતી મુજબ ડોંબિવલીની આગળના પરાંઓમાં આપણા ૪૦૦ જેટલા પરિવારો ગંદા ગલીચ્ચ અને અમાનવીય વાતાવરણ કહેવાય એવા વિસ્તારોમાં રહે છે ! એમનો જ્ઞાતિના સાધનો ઉપર એટલો જ હકક છે જેટલો બીજા જ્ઞાતિજનો જ્ઞાતિના મકાનોમાં રહે છે. આપણા મહાજનો/ટ્રસ્ટો અને સંસ્થાઓ બહજ દુરંદેશી અને છેલ્લા સો વર્ષથી જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને રહેઠાણો આપવાનું ભગીરથ કામ કર્યું છે. જે ભાગ્યેજ કોઇ જ્ઞાતિમાં થયું હશે કેટલાયે એવા જ્ઞાતિજનો હશે જેમની પાસે રહેઠાણ ખરીદવાની તાકાત નઇ હોતા લગ્ન ન થયા હોય. કેટલાય એવા જ્ઞાતિજનો હશે જે જેમ તેમ કરી થોડા ઘણા મહિને જ્યાં જગ્યા મળે તેમાં ગુજારો કરતાં હશે.

હવે સમસ્ત મહાજનનું સંમેલન થવાનું છે આશા છે કે જ્ઞાતિની રહેઠાણ યોજનાઓનો લાભ ખૂબ જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને જરૂરથી મળે એ બાબત જ કોઇક યોજના ઘડી કાઢવામાં આવશે અને એમાં એક વાતનું જરૂરથી ધ્યાન રાખવામાં આવે કે એક કુટુંબને ૫ વર્ષ સુધી જ્ઞાતિના રહેઠાણનો લાભ મળે અને જ્યાં સુધીમાં એણે પોતાના બીજા રહેઠાણની વ્યવસ્થા કરી લેવી જેથી બીજા જરૂરિયાતમંદ કુટુંબોનો ઉધ્ધાર થાય.

એક બાત બહુજ સ્પષ્ટ છે કે જ્ઞાતિની માલિકીની મિલકતો ઉપર સર્વે જ્ઞાતિજનોનો હકક છે અને સર્વે એમાંથી ઉપજતા લાભના હક્કદાર છે.

## જ્ઞાતિ ઝગને તારલીયાઓ હો ઝગમગાટ




લગ્ન ગીતો કે લોકગીતોના સંગ્રહને સંપાદન કરી પ્રગટ કરવાનો સીધો સરળ રસ્તો અપનાવવાના બદલે પોતાની કલમની કુશળતાથી હૈયાના હેત સભર પદ્ય કૃતિઓ કંડારી પ્રગટ કરનાર જ્ઞાતિ સન્નારીઓ જેમને ખરા અર્થમાં ગીત રચયિતા કવિયત્રીઓની કક્ષામાં ગણત્રી કરી શકાય તેવી તારલીયો સ્વબળે ઝગમગ કરી રહી છે.

અમી તખ્ખલુસધારી હીરાવંતીબેનનો આત્મા ઝબુકીને જાગ્યો અને જૂઓ તો ખરા માતૃ હૃદયા, સંકટ હરનારી, ભક્તોની પ્રેમાળ મહાકાળી માના ગીતો, સ્તવનોથી ભક્તિનો થાળ ભરાતો ચાલ્યો. જોત જોતામાં ભૌગોલિક સીમાડાનું બંધન તોડી તેમનું નામ ઠેર ઠેર મહાકાળી માતાજીની ભાવનામાં ગુંજતું થયું.

બીજાં ગીતકાર કવિયત્રી તે મલાડના શ્રીમતિ લક્ષ્મીબેન લક્ષ્મીચંદ વિકમશી (કોઠારા) જેમણે કલા ચાહકોને ગાવાની સુગમતા રહે તે માટે લોકગીતો અને ચલચિત્રોની લોકપ્રિય ધૂનો આધારિત રચનાઓ કંડારી અને નાની નાની પુસ્તિકાઓમાં મુદ્રણ કરી કાયમને માટે સંગ્રહિત કરી.

ધન્ય છે તેમની બુધ્ધિમતાને !

– કાંતિલાલ કેશવજી મોતા, મુલુંડ



**પાસ થયા અભિનંદન**

**મીત જીગ્નેશ માલદે**

**12th Science**

CBSE **85%**


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

**સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.**

સોમવાર બંધ

## ધર્મ સંદેશ - ૧૨૫





રચયિતા : **જયકાંત મોતા**
ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨

**આડી ચાવીઓ -**
[૧] પાતાળલોક જ્યાં નારકો વસે (૪); [૪] ત્રણ જગતનું સ્વામિત્વ બતાવતું પ્રભુના મસ્તક ઉપર મૂકાતું પ્રત્રિક (૨); [૫] ફાગણી તેરસના શત્રુંજયની તળેટીમાં ઘણા લોકો યાત્રાળુઓ માટે રાખે (૨); [૬] કચ્છના આ ગામમાં ચંદ્રપ્રભુનું જિનાલય છે (૨); [૭] કાર્તકી પૂનમના દરેક જિનાલયમાં શત્રુંજયના દર્શન માટે રખાય (૨); [૮] મુનિસુવ્રત નો વાર (૪); [૯] શીવા નામની એક — (૨); [૧૦] ૧૨મું પાપ સ્થાનક (૩); [૧૨] જિનાલય (૨); [૧૩] પંદરમું પાપ સ્થાનક (૫); [૧૬] સુઘોષા નામથી પણ ઓળખાય (૨); [૧૭] અરનાથ નું લાંછન (૪); [૨૧] — આદેશ્વરજી દૂરથી આવ્યો (૨); [૨૨] આ હાથ ઉપર બંધાય (૫); [૨૪] ગતિ કેટલી ? (૨); [૨૫] તપ — કરો (૨); [૨૬] એક કર્મ (૨); [૨૭] મલ્લીનાથનું એક તીર્થ (૩); [૨૮] આ ઓળી વર્ષમાં — વખત આવે (૧); [૨૯] વર્ષીતપનું પારણું શેરડીના — થી થાય (૨)

**ઊભી ચાવીઓ -**
[૧] આદીનાથની નિર્વાણભૂમિ (૪); [૨] સાધુ-સાધ્વી હાથ વડે વાળ ચૂંટી મુંડન કરે (૨); [૩] ઘણી ધાર્મિક વીધીમાં — વગાડવામાં આવે (૩); [૪] ગૌતમ સ્વામીએ મહાવીરને કેટલા સવાલ પૂછેલા (૬); [૫] શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું તીર્થ (૪); [૮] અહીં ના મૂળનાયક આદેશ્વર છે (૪); [૧૧] ભવોભવ તુમ ચરણોની — હું તો માંગુ છું (૨); [૧૨] મહાવીર સ્વામીના પ્રથમ માતા (૪); [૧૪] સળંગ ત્રણ ઉપવાસ (૩); [૧૫] એક તપ (૪); [૧૮] — ભગવાન (૨);[૧૯] સાધુ-સાધ્વીઓનું પ્રવાહી વસ્તુઓ લેવાનું પાત્ર (૪); [૨૦] સાધુ-સાધ્વીઓ વ્યાખ્યાન આપવા — ઉપર બેસે (૨); [૨૩] ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૩); [૨૪] દર્શન નું એક ઉપકરણ (૩); [૨૫] — તળેટી (૨)

(ઉકેલ અન્યત્ર)

## વીતેલો સમય ક્યારેક પીછો કરતો હોય છે.

– કૃષ્ણકાંત ઉનડકટ

વર્ષો પછી જૂના મકાનમાં જઈએ ત્યારે બધી વસ્તુઓ ઉપર ધૂળ જામી ગઈ હોય છે. કરોળિયાએ કળા કરી જાળાં બનાવી દીધાં હોય છે. એ ધૂળ ખંખેરીએ ત્યારે નાનકડી ડમરી ઊડે છે. શ્વાસ થોડોક તરડાય છે. એ પછી જૂની વસ્તુ, જૂના ફોટા, જૂની ડાયરી સાથે જૂનો સમય પાછો જીવતો થઈ જાય છે. એક પછી એક પાનાઓ ઊઘડે છે. જૂના મિત્રોના ચહેરા ધીમે ધીમે સ્પષ્ટ થાય છે. કોઈને મળવાનું મન થાય છે. દિલ ક્યારેક અવઢવમાં મુકાય છે. મળવું કે નહીં ? જે વીતી ગયું છે એ તાજું કરવું કે નહીં ? સ્મરણોને સ્મરણ જ રહેવા દેવા કે પછી એને ફરીથી જીવતાં કરવાં ?

એક છોકરીની આ વાત છે. મેરેજ કરીને એ વિદેશ ચાલી ગઈ હતી. ૧૫ વર્ષ પછી પિયર આવી. વિદેશ ગઈ ત્યારે બધી જ યાદો એક બેગમાં સંકેલીને મૂકી ગઈ હતી. એની ચાવી વિદેશમાં પણ જતનથી સાચવી હતી. પાસપોર્ટ રાખતી હતી એ જ પર્સમાં એ ચાવી મૂકી રાખી હતી. અમુક ચાવીઓ પણ પાસપોર્ટ અને પાસવર્ડ જેવી હોય છે, એ તમને તમારે જ્યાં જવું હોય ત્યાં પહોંચાડે છે અને તમારે જોવું હોય એ ઉઘાડે છે. ઘરે આવી માળિયેથી એ બેગ ઉતારી. જૂની યાદોનો એક ખજાનો નીકળ્યો. આને ખજાનો કહું કે દફનાવી દીધેલી યાદોની કબર ? શું મળવાનું હતું આ બધું જોઈને ? કેટલીક બહેનપણીઓની તસવીર અને તેણે આપેલી ગિફ્ટ્સ ! એક સ્કાર્ફ હાથમાં આવ્યો. કોણે આપ્યો હતો આ ? યસ, પેલી ફ્રેન્ડે આપ્યો હતો. એ દિવસે મારો બર્થડે હતો. થોડીક યાદ છે અને બીજી ભુલાઈ ગઈ છે. એને યાદ હશે ? ક્યાં હશે એ ? મારી પાસે તો એનું એડ્રેસ પણ નથી !

એ સાંજે એ ફરવા જતી હતી ત્યાં જ એક છોકરી સામે મળી. એ ચહેરો તરત જ યાદ આવી ગયો. થયું કે આ ક્યાં મળી ગઈ ? આની સાથે તો મારે કોઈ દિવસ બન્યું જ નથી. ઓલવેઝ મારી સાથે ઝઘડતી હતી. મારતી પણ હતી. સામે આવી જાય પછી ઘણું આપણે અવોઈડ કરવું હોય તો પણ કરી શકતા નથી. નજર મળી

*(અનુસંધાન પાના નં. ૧૮ ઉપર)*

# જીવનશાળાના શિક્ષકો - વડીલો

## રાષ્ટ્રસંત પૂ. ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મ.સા.

અનાથાશ્રમ એ કૃતઘ્નનો મેળો કહેવાય છે.

કૃતઘ્ન એટલે શું ? જે ઉપકારીઓના ઉપકારને માનતા ન હોય, એને અનુભવતા ન હોય અને ઉપકારનું વેદન ન કરતાં હોય તેમને કૃતઘ્ન કહેવાય.

જેમને જ્યારે માતા-પિતા મળ્યાં હોય ત્યારે તેમનો વિનય ન કર્યો હોય, એમનું સન્માન ન કર્યું હોય, એમની સાથે દુર્વ્યવહાર કર્યો હોય, સામા જવાબ આપ્યા હોય અને સંભાળ ન રાખી હોય તેમને આ ભવે જન્મતાંની સાથે જ અનાથાશ્રમમાં જવું પડે છે અને તેવી વ્યક્તિ કૃતઘ્ન કહેવાય છે.

માનવભવ મળ્યો, સારૂં કૂળ, પાંચે ઇન્દ્રિયો મળી, શરીર સ્વસ્થ મળ્યું, બધું જ મળ્યું, પણ માતા-પિતાનો પ્રેમ અને છત્રછાયા ન મળ્યાં અને અનાથાશ્રમમાં જ મોટા થવું પડ્યું.

ભગવાન કહે છે, જે માતા-પિતા અને વડીલોના ઉપકારનો સ્વીકાર નથી કરતા તે અનાથાશ્રમમાં મોટા થાય છે. ઘણી વાર એવું બને છે કે વ્યક્તિની ઉપસ્થિતિ હોય, વ્યક્તિ હાજર હોય ત્યારે તેની કદર ન થાય, તેનું મૂલ્ય ન સમજાય, પણ જ્યારે એ ન હોય ત્યારે તેમના ગુણો યાદ આવે. વ્યક્તિ હોય ત્યારે તેને સમજીએ નહીં અને ન હોય ત્યારે તેના ગુણોને યાદ કરીને તેને પોતાનો અવગુણ કહેવાય.

જેમ શાળામાં જે શિક્ષણ આપે તેને શિક્ષક કહેવાય તેમ જે જીવનની શાળામાં શિક્ષણ આપે તેને 'વડીલો' કહેવાય, અર્થાત, વડીલો આપણી જીવનશાળાના શ્રેષ્ઠ શિક્ષક છે અને એમનો જ્યારે આદર કરવામાં આવે છે, એમના ઉપકારનો અનુભવ કરવામાં આવે છે ત્યારે તેઓ આપણા જીવનઘડતરના 'ગુરૂ' બની જાય છે, આદર્શ બની જાય છે.

પણ... આજનો યુગ કેવો છે ? વ્યક્તિ ચાહે નાની હોય કે મોટી... તેને સાથે બધા ગમે છે પણ માથે કોઇ ગમતું નથી.

જે વડીલો પણ સંતાનોની સાથે રહીને, સંતાનોને પંપાળે છે તે સંતોનોને બગાડે છે. વડીલોએ તો પોતાના અનુભવનું અમૃતપાન કરાવી નાનાઓને શ્રેષ્ઠ બનાવવા જોઇએ, પોતાનાથી થયેલી ભૂલો, એ લોકો ન કરે તે માટે સમજપૂર્વક સાવધાન કરવા જોઇએ. જે સંતાનો વડીલોને માથે રાખે છે, એમની આજ્ઞા અને આમન્યાનું પાલન કરે છે, તે દરેક ક્ષેત્રમાં સફળ થાય છે. જ્યારે તેમનાથી કંઇક ભૂલ થાય છે, ખોટું થાય છે ત્યારે તેમનાથી કંઇક ભૂલ થાય છે, ખોટું થાય છે ત્યારે તરત જ વડીલોની સલાહ અને સૂચના યાદ આવી જાય છે, વડીલોએ કહેલી અનુભવની વાત યાદ આવી જાય છે અને ભૂલ કરતાં અટકી જાય છે, ભટકતા અટકી જાય છે.

માટે જ વડીલો જીવનશાળાના શિક્ષક કહેવાય છે. વડીલો જ્યારે રોકતા હોય, કાંઇ કહેતા હોય ત્યારે તેને તેમનો ઉપકાર માની જો એમને એક સ્વીટ સ્મિત આપીએ તો ક્યારેય અનાથાશ્રમમાં જવાનો વારો ન આવે અને એ સમયે જો ચહેરાનું સ્માઇલ જતું રહે તો સમજી લેવાનું કે અનાથાશ્રમનું બુકિંગ થઇ ગયું.

જેને માથે વડીલ ગમતા નથી, તેના માથે વડીલ રહેતા નથી. માથે વડીલ ન રહે એવી સ્થિતિને અનાથાશ્રમ કહેવાય છે. જે ઘરમાં બે વ્યક્તિ માતા-પિતાનું સાંભળતી નથી તેને ભવિષ્યમાં અનાથાશ્રમમાં અનેક વ્યક્તિઓનું સાંભળવું પડે છે. જેના કોઇ માલિક ન હોય તેના બધા માલિક થાય છે.

જે ગાય ખીલે બંધાયેલી હોય, તેને તેનો માલિક, ભરવાડ કદાચ ક્યારેક એકાદ સોટી મારતો હોય, પણ સાથે એટલો જ પ્રેમ પણ કરતો હોય અને પ્રેમથી રાખતો પણ હોય. જ્યારે માલિક વિનાની ગાય રસ્તે રખડતી હોય અને જતા-આવતા અનેક લોકોનો માર ખાતી હોય. પ્રેમ તો એને કોણ આપે અને રાખે પણ કોણ ?

વડીલો હમેશાં એમના અનુભવના અમૃતનું મંથન કરાવતા હોય છે અને એ જે કહેતા હોય એમાં કાંઇક સંકેત પણ હોય, પણ ખોટ એ છે કે, એ સમયે એમનાં વચન કડવાં લાગતાં હોય, જે સમય જતાં અમૃત જેવા લાગવા લાગે છે, કેમ કે, સમયે શીખવાડી દીધું હોય છે.

આજે ઘરઘરમાં સંઘર્ષ અને સમસ્યાનું કારણ એ જ છે કે હોઠ વધારે વપરાય છે અને કાન ઓછા !! સાંભળવું કોઇને ગમતું નથી એને બોલ્યા વિના કોઇ રહી શકતું નથી.

વડીલોની જીવનશાળામાં સુધરેલી વ્યક્તિનું જીવન અને જીવનશૈલી જ અલગ હોય. હજારોની ભીડ વચ્ચે પણ તેના ચહેરાની ઓળખ અને વિનય કહી જ દે કે, આના જીવન પર કોઇ વડીલ તરીકેના શિક્ષક રહ્યા છે. જે વડીલોની છત્રછાયા નીચ નથી હોતા એવા અનેક અવિનયી થઇ જતા હોય છે અને એમનો અવિનય જ એમની વિપત્તિનું કારણ બને છે.

વડીલો માત્ર ભણાવતા જ નથી, ગણાવે પણ છે. એ ભણતરની સાથે ગણતર આપી ચારિત્ર્યનું ચણતર પણ કરે છે. જેમને સમયે કહેતા આવડે તે 'વડીલો' હોય છે, કેમ કે, એમણે સમય પરથી શીખેલું હોય છે. વડીલ એ જ કહેવાય, જે નાના બોલતા હોય ત્યારે તે જ વાતને પ્રેમથી સમજાવી દે. સમયે મૌન રહી, સમય જાય પછી જે સમજાવે છે, સામાવાળાને તે સહજભાવે સ્વીકાર્ય થઇ જાય છે. ઘણાને વડીલોનો ડર લાગતો હોય છે, પણ ડર વડીલોની નહીં, પોતાની

અયોગ્યતાનો હોવો જોઇએ. પોતાની અયોગ્યતા પોતાના માટે અયોગ્ય છે એવું જે માને છે તે જ પોતાને સુધારી શકે છે અને જે સુધરી જાય છે તે જ સફળ થાય છે.

હા, ક્યારેક વ્યક્તિ પુણ્યના બળે સફળ થઇ જાય છે, પણ પોતાના જીવનથી ક્યારેય સફળ ન થઇ શકે. જીવનથી સફળ થવું એ સફળતા છે, પુણ્યના યોગે સફળ થવું એ સફળતા ન કહેવાય, કેમ કે, જેવાં પુણ્ય પૂરાં થાય એટલે વ્યક્તિ નિષ્ફળ થઇ જાય !!

જે સુધરેલી વ્યક્તિ હોય તે પાપનો ઉદય હોય કે પુણ્યનો ઉદય, તે સફળ થયા વિના રહે જ નહીં. વડીલોની શાળામાં ભણેલા વિદ્યાર્થીનાં વાક્યો અને વચનો બંને અલગ હોય છે. એનો વિનય અને વ્યવહાર અલગ હોય છે.

વડીલોને જે પોતાની જીવનશાળાના શિક્ષક માને છે, એમનું સન્માન કરે છે, એમની સંભાળ રાખે છે અને એમના ઉપકારને... ઉપકાર માની સ્વીકાર કરે છે તેમને 'કૃતજ્ઞ' કહેવાય છે. કૃતઘ્નને અનાથાશ્રમ મળે છે. કૃતજ્ઞને વડીલોની પ્રેમાળ અને હૂંફભરી છત્રછાયા મળે છે.

– **'જૈન પ્રકાશ'**માંથી સાભાર

---

## તેરા તીરથમાં.. પખાવાજનો અવાજ ગુંજશે !

સાંસ્કૃતિક કલા ક્ષેત્રે-વડીલો પાર્જીત આપણને સંખ્યાબંધ કલા વારસો મળ્યો. જેમાં આકર્ષક ભરત કામ, ટેસ્ટી રસોઇ, દાંડીયા, ગરબા, નાની મોટી પૂજાઓ, સજનાયો ગાથા, ગીતો સાથે પખાવાજ કળા છે. ઉપરોક્ત કળાઓમાંથી પખાવાજની કલા લગભગ ઓક્સીજન ઉપર કે વેન્ટીલેટર ઉપર શ્વાસ લે છે ! હર જિનાલયે બાજુ, પગપેટી અને ઝાંઝનો ખડીઓ ભરાયેલ રહેતો. વડીલો ગાય વગાડે અને યુવા વર્ગ ગોખી લે. શીખી લે !




નલીયાના સંગીતપ્રેમી હીરજી કાનજી પીર સમયે (ભોલોપીર) સિવાય કોઇ સંગીત શીખ્યા નહોતા. તે સમયે કપાસમાં નોકરી કરતા હર ગામમાં પખાવાજ રસીયા હતા. પખાવાજની બેઠક (સુવાણ) રાખે. ચા-પાણી, દોંઠા, નાસ્તામાં હોય જ. નીજાનંદ માટે બીડી, સીગરેટ પણ !

પરોઢના પ્રભાતીયાએ સુરજ ઉગે ! ત્યારે જલેબી ગાંઠીયાને નથાય અપાતો. પખાવાજને જીવંત રાખવા સાથે ભક્તિ-ભાવ અને નીજાનંદ માટે આ સિવાય કાંઇ હતું જ નહીં. આવી સુવાણો મેં માણી છે. તેથી જ ગાઇ વગાડી જાણું છું. વગર કલાસે ! સમય સંજોગ બદલાયા, ઘરમૂળથી ફેરફારો થયા, સૌ છૂટા છવાયા થયા, સંગઠન રહ્યું નહીં ! કોણ કરે રે જંજાળ, મુજરે રે હાંરે 'શી ગતી થાશે અમારી દીનાનાથ શી ગતી – થાશે અમારી ? પ્રભાતીયું ગવાયને મનમાં વેદના અને સંવેદનાની શરણાઇ વાગતી' વીર એક તારો આધાર આવા ૫૦/૬૦ ગીતોમાં અસલ પખવાજની રંગત અને ખુબીઓ સંમેલાઇ છે. કોઇ એક ગીતની કડી પૂરી થાય. તબલા ઉપર 'હા'ની થાય વાગે ને ઝાંજ વાગતા બંધ થાય ! સાથે જ ઉસ્તાદ પખવાજી અસલ કચ્છી અવાજે ચાનક ચડે તેવા બહેન લટકાથી શરૂ કરે અને સૌ મંડી પડે એ ધૂનમાં તેરા તીરથના શ્રી નરશીબાપા, મૂલચંદભાઇ, શાંતીલાલ મૈશેરી, બબ્બા વગેરે જ્યારે ''રાધા જેવા ફુલડો ને શ્યામલ જેવા રંગ'' ગીતની ધુળેટી રમે અને ગીતની સાથે જિનાલયમાં રંગ મંડપની સંગીત કિન્નરીઓ પણ સાથ દેતી લાગે ! ક્યારેક તો ''સિક્ક ખૂટે કાં બિક્ક ખૂટે'' વાળી વાત તેરાના પખવાજીઓ આ ગીતમાં પખવાજની સર્વ કળાના દર્શન કરાવી દે. માનસો, રંગત જામી હોય તો એ ગીતની પૂર્ણાહૂતીને બે-ત્રણ કલાક ઓછા પડે જુમ્મો ઉસ્તાદ પશીને ભીંજાઇ ઉઠે !

મુંબઇ મહાજનશ્રીના બે સક્રીય પ્રયાસો વિરામ પામ્યા ત્યારે પખવાજ રસીયા વડોદરા/તેરાના શાંતીલાલ કલ્યાણજી લોડાયા, શ્રી ચંદ્રકાંતભાઈ ખોના (સાંયરા) અને એમના સમકક્ષા મિત્રો વડોદરાવાસીઓને વરસમાં પાંચ સાત વાર મોજ કરાવે એમને પખવાજ રસીયા બનાવ્યા છે. ફરી તેરા તીરથમાં જ્ઞાતિના સંગીત આભુષણ સમી આ કલાને જીવંત અને જાગૃત રાખવો સૌ રસીકજનોને તેરામાં આમંત્રીત કર્યા છે ખરેજ ધન્યવાદ પખાવાજ ઉપર પ્યાર અને ન્યોછાવરી માટે સલામી હો. પખવાજ સંગીત વારસાને જોવા-જાણવા અને સાંભળવા તેરા તીરથે પખવાજ વગાડવા આવવું જ રહ્યું. પધારશો ને ?

– **લહેરચંદ વેલજી મૈશેરી**, ભાડુંપ

---

**સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.**

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિ રૂપ વિશેષણો, અંલકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. સમાચાર મોકલતી વખતે પોતાનું નામ તથા મોબાઈલ નં., ઈમેલ આયડી મોકલવા જેથી માહિતી અંગે સંપર્ક સાધી શકાય.

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી

– **ડૉ. વીરચંદ લખમશી નાગડા,** M.B.B.S. (Bom), **મુલુંડ, M : 09757303562 / 07069621931**

**૧. ભોજન અને આરોગ્ય :** આર્યુવેદ માને છે કે બધી બિમારીઓ પેટથી શરૂ થાય છે. ખાવાને અને આરોગ્યને ખૂબજ ગાઢ સંબંધ છે. આરોગ્યદાયી ૧૦૦ વર્ષનું જીવન જીવવું હોય તો ખરી ભુખ લાગે ત્યારે જ ખાવું જોઇએ. આરોગ્ય સારૂં રાખવું હોય તો 'પેટકો રખો નરમ, પાંવકો રખો ગરમ, શિરકો રખો ઠંડા, ફિર વૈદ્યકો મારો ડંડા'' પેટને નરમ રાખીએ એટલે કે ઠાંસી ઠાંસીને ન ભરીએ. પગને ગરમ રાખીએ એટલે વધુમાં વધુ ચાલીએ. બેઠાડુ જીવન ત્યજીએ, માથાને ઠંડુ રાખીએ એટલે મગજ શાંત, ગુસ્સો, ઈર્ષ્યા, અદેખાઇ, નિંદા વગેરેથી દૂર રહીએ પછી વૈદ્યનું શું કામ. નહેરૂ, રાજાજી, બર્નાડ શો લાંબુ જીવ્યા કેમકે એમણે ક્યારેય પેટ ઠાંસીને ન ભર્યુ-પેટ ભરીને ન જમ્યા. જીવન ટકાવવા આહારનો ફાળો નહિવત છે. પણ હવા, સૂર્ય, જળતત્વ અને આકાશ તત્વ મહત્વના છે. આહાર એ પૃથ્વીતત્વ છે. આકાશ એટલે ખાલી જગ્યા-મોકળાશ. વિચારો વચ્ચે અવકાશ તેમજ ૧ ભોજનથી બીજા ભોજન વચ્ચે પણ અંતર, જેથી ભોજન બરાબર પચી જાય. એક કે ૨ ટાઇમ નાસ્તો, ૨ ટાઇમ જમણ, વચ્ચે ચા-કોફી વગેરે લઇએ એને બદલે ખોરાક-પીણાં ઘટાડીએ. પેટના જ ભાગ સમજી ૨માં અન્ન, ૧માં પાણી અને ચોથા ભાગમાં હવા એટલે ખાલી રાખીએ આજે જાતજાતના તપો લોકો કરે છે છતાં મોટા ભાગના શારીરિક વ્યાધિઓથી પીડાય છે, અમુક ની તો લાંબા તપ પછી તબીયત બગડે છે એને બદલે આખું વર્ષ ઉણોદરી આપણે કરીએ અને ધર્મધ્યાન-સેવાના કામ કરીએ તો ધર્મ પણ થશે અને આરોગ્ય પણ સચવાશે. પૃથ્વીપર જેટલા લોકો ભુખમરાથી મરે છે તેનાં કરતાં વધારે લોકો અતિ-આહાર અને કુઆહારથી મરે છે. ઘરના ગરમાગરમ સાદા પૌષ્ટિક ખાદ્યો, પૂરતા પ્રમાણમાં ફળો, શાકભાજી, પ્રમાણસર ડ્રાયફ્રુટ લઇએ. તળેલુ, ફ્રીજનું ઠંડુ ન લઇએ. હુંફાળુ કે ગરમ પાણી લઇએ. જાપાનના લોકો પીવામાં ગરમ પાણી વાપરે છે કદાચ એ પણ એક કારણ છે કે ત્યાં સતાયુ લોકો ઘણા છે. મહાવીર સ્વામીને ૧૫ દિવસે ૧ ઉપવાસ, ૪ મહિને ૨ સળંગ ઉપવાસ અને વર્ષે એકવાર સળંગ ૩ ઉપવાસ કરવાનું ફરમાન કરેલ છે. એ ન થાય તો એકટાણું કરીએ. આંભલ પણ આરોગ્ય માટે સારા છે. આમ મનપર અને જીભપર કાબુ રાખી પેટ પર જુલ્મ ન કરીએ અને આરોગ્ય જાળવીએ. વધુ માહિતી માટે વાંચો ઓનલાઇન પ્ર.સ. ૨૯ ડિસે. - ૨ જાન્યુ. ૧૫, ૧૦-૧૬ જાન્યુ. ૧૫, ૨૪-૩૦ જાન્યુ. ૧૫, ૨૧-૨૭ ફેબ્રુ. ૧૫, અને ૨૧-૨૭ માર્ચ ૧૫.

**૨. ઉઠ્યા પછી ઊંઘરેટાપણું :** જો રાતે સૂવામાં તકલીફ થતી હોય કે આખી રાત ઉંઘીને સવારે ઊઠ્યા પછી ઊંઘરેટાપણુ લાગતુ હોય તો બેડરૂમમાં જ્યાંથી સ્વચ્છ હવાની અવરજવર થતી હોય એવી બારી ખુલ્લી રાખો. બંધ રૂમમાં કાર્બનડાયોક્સાઇડનું પ્રમાણ વધી જવાથી ઉંઘ દરમ્યાન મગજને પૂરતો ઓક્સિજન નથી મળતો એને કારણે કાં તો ગહેરી ઊંઘ નથી આવતી અથવા ઊંઘ્યા પછીની ફ્રેશનેશ અનુભવાતી નથી. નેધરલેંડના અભ્યાસકર્તાઓએ ૧૭ હેલ્ધી વ્યક્તિઓને ૫-૫ દિવસ માટે અલગ-અલગ પરિસ્થિતિઓમાં સૂવાડ્યા. ૧ પ્રયોગમાં બારી કે બારણા ખુલ્લા રાખવામાં આવ્યા. બીજા પ્રયોગમાં બારી કે બારણું બંધ રાખવામાં આવ્યા. રોજ સવારે તેમની રૂમમાં કાર્બનડાયોક્સાઇડનું પ્રમાણ નોંધ્યુ. જ્યાં બારી-બારણા ખુલ્લા હતા. તેમાં કાર્બનડાયોક્સાઇડનું પ્રમાણ ઓછું હતું. જો બહાર વધુ ઘોંઘાટ ન હોય તો બારી કે બારણા ખુલ્લા રાખવા એ ગાઢ ઊંઘ માટેનો મંત્ર છે.

**૩. મગફળી :** મગફળી ભોયસિંગમાં પ્રોટીન ૯૭.૪%, ચરબી, વિટામીન $B_1$, $B_2$, $B_6$, ઇ, નિકોટિનિક એસિડ, લિસિથીન જેવા તત્વો હોય છે. અંગ્રેજીમાં ઓને પોનટ, ગ્રાઉન્ડ નટ કહેવાય છે. રતાંધણાપણાની તકલીફવાળાએ ૧ મુઠ્ઠી જેટલી કાચી ભોયસિંગ ગોળ સાથે રોજ નરણા કોઠે લેવી. કમજોર બાળકોની શક્તિ, પુષ્ટિ માટે દરરોજ શેકેલી સિંગ કે એવી સિંગનો ગોળમાં બનાવેલ સિંગપાક ખાવા આપવો. જે માતાને ધાવણ ઓછુ આવતું હોય તેમણે રોજ ૫૦ થી ૧૦૦ ગ્રામ સૂકા સિંગદાણા ગોળ સાથે નાસ્તા રૂપે ખાવા. મોટી ઉંમરના કે બાળકોને ઘણીવાર ખૂબજ ભૂખ કે વારંવાર ભુખ લાગતી હોય તો મુઠ્ઠી જેટલા સિંગ ખાવા કે તેની કોઈ બનાવટ ખાવી પણ મોટી ઉંમરનાએ પ્રમાણમાં ખાવા કેમકે ટેસ્ટી હોવાથી વધુ ખવાઇ જવાય છે તો વજન વધવા સાથે એમાં ચરબી-તેલ હોવાથી કોલેસ્ટ્રોલ, હાઇ બી.પી. જેવી તકલીફો થઇ શકે અને હોય તો વધી શકે. આવી પરિસ્થિતિમાં સિંગને બદલે ફણગાવેલા મગ, મઠ, ચણા લઇ શકે.

**૪. સુંગધીદાર અગરબત્તી કે મીણબત્તી :** ઘરની અંદર હવાને સુગંધીત રાખવા માટેના ફ્રેશનર્સ, અગરબત્તી કે મીણબત્તી ઉપયોગમાં લઇએ તો ઘર મધમધતુ થઇ જાય પણ એ મધમધાટ ફેફસા માટે સારો નથી. એમાં રહેલ કેમિકલ્સ શરીર માટે હાનીકારક છે. સુગંધ વધુ સમય ઘરમાં રહે એ માટે જો આપણે બારી-બારણાં બંધ કરીએ તો એ વધુ નુકશાનકારક છે. અમેરિકાની યુનિવર્સિટી ઓફ પેન્સિલ્વેનિયાના નિષ્ણાતો કહે છે કે બંધ રૂમમાં અમુક હદથી વધુ કેમિકલ્સ પ્રસરી જાય તો આંખોમાં બળવુ, ગળામાં સોજા, કફ થાય અને ઊંડા શ્વાસ લેવામાં તકલીફ થાય જે શ્વાસનળી અને ફેફસાને ધીમું નુકશાન

કરે છે. ફ્રેગ્રન્સને કારણે આપણી જાણ બહાર હવામાં સેંકડો કેમિકલ્સ પ્રસરે છે. યોગ્ય વેન્ટિલેશન ન હોય તો આ કેમિકલ્સ લાંબો સમય ઘરની ચીજો પર ચોંટી રહે છે અને આપણા ફેફસામાં જઇ આરોગ્યને નુકશાન કરે છે.

**૫. નાગરવેલના પાન :** પાનમાં ચેવિકોલ નામનું તત્વ હોય છે જેને લીધે એમાં તીખાશ હોય છે. પાનના વધારે પડતા સેવનથી કેન્સર થવાનો સંભવ રહે છે. અને લોહીમાં ૧ પ્રકારનું વિષતત્વ પ્રવેશે છે જે પાચનક્રિયાને નુકશાન કરે છે, આંતરડામાં વિકૃતિ આવે છે. પાનમાં સોપારી વધુ નાખીને ખાવાથી આખા શરીરે ખંજવાળ આવે છે. પાન ખાનારાઓ મોં સારી રીતે સાફ ન કરે તો દાંતોને નુકશાન થાય છે. અને દાંત અને પેઢાં નબળા થઈ દાંત જલ્દી સડી જાય છે. સગર્ભા સ્ત્રી અને બાળકને પાન ખાવા આપવું નહી. પાન વધારે ખાવાથી દેહ, દૃષ્ટિ, દાંત, જઠરાગ્નિ, કાનની શક્તિ, વર્ણ અને બળ નાશ પામે છે. નબળા દાંતવાળાએ, આંખના રોગીએ, નશાથી પીડાયેલ વ્યક્તિએ, ક્ષય રોગીએ અને રક્તા પિત્તવાળાએ પાન ન ખાવું.

---

## શ્રી પ્રવીણભાઇ લોડાયા લિખીત 'હે પ્રભુની વાણી' શિર્ષકથી લખાયેલા લેખોનો પ્રતિભાવ

આપના પ્રકાશિત થયેલા બન્ને લેખ બોલ્ડ છે. અભિનંદન. આપે ખરૂં લખ્યું છે કે બે નંબરના પૈસા લેવા એ દેશદ્રોહ નથી ? મારા મતે ધર્મસ્થાનો બે નંબરની સંપત્તિની ફેક્ટરીઓ બની ગઇ છે. આપણે ત્યાં ધર્મના ક્ષેત્રે મબલખ બ્લેક મની છે. કોઇ પણ સારા, સાચા અને શુભ કાર્ય માટે સાધન શુદ્ધિનો આગ્રહ રાખવાનું આપણને આપણા ધર્મગુરૂઓ કહેતા નથી.

એવું કોઇ ધર્મસ્થાન છે ખરૂં જ્યાં માત્ર અને માત્ર ચેક વડે જ દાન લેવાતું હોય ? દરેક ધર્મસ્થાનકનું નિર્માણ બે નંબરના પૈસાથી જ કેમ થાય છે ?

દરેક મંદિરમાં ભંડાર કે દાનપેટી હોય જ છે, એ દાનપેટી અને ભંડાર બે નંબરનું ધન ભેગું કરવાની ટંકશાળ છે. એનો હિસાબ મન ફાવે એ રીતે કરી શકાય છે. સરકારે દરેક મંદિરમાંથી ભંડાર અને દાનપેટીઓ તાત્કાલિક બંધ કરાવી દેવી જોઇએ.

એટલું જ નહિ, કોઇ પણ ધાર્મિક કાર્ય માટે રોકડ દાન લેવા પર કડક પ્રતિબંધ મૂકી દેવો જોઇએ, જેણે પુણ્ય કમાઇને સ્વર્ગ કે મોક્ષમાં રિઝર્વેશન કરાવવું હોય તેઓ માત્ર વ્હાઇટ- એક નંબરની જ રકમ આપી શકે, એનો કાનૂન બનાવીને અમલમાં મૂકવો જોઇએ. પાપ કે ગુનો કરીને કરેલી કમાણી વડે પુણ્ય થઇ શકે એવું તો કોઇ બેવકૂફ જ માની શકે ને !

સૌ કોઇ જાણે છે કે કહેવાતાં ધર્મસ્થાનો કાળા ધનથી સમૃધ્ધ છે, છતાં એની સામે બોલવાની હિમ્મત કોઇ કરતું નથી. કોઇ બોલે તો તેને નાસ્તિકનું સ્ટીકર ચોંટાડી દેવાય છે. હકીકતમાં ધર્મક્ષેત્રે વ્હાઇટ મની જ સ્વીકારવાનો આગ્રહ રાખે એ જ માણસ ખરો આસ્તિક છે. એક અંદાજ પ્રમાણે ભારતમાં તમામ ધર્મસ્થાનો પાસેથી તેમની બે નંબરની તમામ સંપત્તિ સરકારને મળી જાય (અને એ સરકારનો હક પણ છે) તો દેશનું બધું જ દેવું ચૂકતે થઇ જાય. એટલું જ નહિ, અનેક લોકોને પરમેનન્ટ રોજી રોટી આપી શકાય એવી ઘણી ઇન્ડસ્ટ્રીજ સ્થાપી શકાય, પણ એ માટે કોઇ ધર્મગરૂ કે ટ્રસ્ટી તૈયાર નહિ થાય. ધર્મ કરતાં દેશ મહાન છે. એવું એ લોકો સ્વીકારી જ નથી શકતા.

મારા ઘરે પણ જો કોઇ બે નંબરની સંપત્તિ પકડાય તો એ સરકારે જપ્ત કરવી જ જોઇએ. આવી ખુલ્લી ચેલેન્જ કોઇ ધર્મગુરૂ કે ધાર્મિક સંસ્થાના ટ્રસ્ટી આપવા તૈયાર છે ?

**– રોહિત શાહ**

---

## ક.દ.ઓ.જૈન મહાજન યુવા શક્તિ સમિતિ

### Commiittee for YUVA or KDOVP APP

Nirav Mote (Mumbai), Ashwin Lodaya (Mumbai), Nimish Dhulla (Baroda), Kush Nagda (Mumbai), Devang Nagda (Mumbai), Mittal Dharamsey (Masjid), Ekta Lodaya (Mulund)

### Commiittee for JOB Fair

Manikant Dhulla, Jayantbhai Chedda, Tejas Khona, Daisy Lodaya, Geera, Labdhi, Mittal Dharamsey.

### COMMITTEE MEMBERS

Dr. Nilesh Poladia (Bayath), Bharat M. Maisheri (Mulund), Prabodh Munvar (Bhuj), Pravin M. Maisheri (Raipur), Ramesh Mota (Mulund), Gulab, K. Maisheri (Mulund), Dr. Dhanraj D. Khona (Mulund), Paras P. Maisheri (Mumbai), Dr. Anil Shah (Banglore), Dr. Ila Mesheri (Chunna Bhatti), Shri Mulchand Shah (Mota) - Mulund, Dr. Usha M.N. (Valsad), Laherchand Khona (Gandhidham), Chandresh Dinesh Nagda Vadodara, Dr. Yogini V. Meisheri (Chunna Bhatti), Dr. Dharini M. Nagda (Chunna Bhatti), Manisha Shah (Thane), Kirit U. Mota (Indore), Rajesh K. Dharamshi (Ahmedabad), Dr. Rajendra M. Kurwa (Bhandup), Dr. Kaushal M. Shah (Nagda) - Mulund, Kulinkant Luthia (Mulund)

---

## ક્ષતિસુધાર : ટ્રસ્ટો માટે મ્યુચ્યલ ફંડ

ઉપરોક્ત શીર્ષક હેઠળ ગતાંકમાં પ્રગટ થયેલ સીએ ઠાકરશીભાઈ ગોશરના લેખમાં પ્રુફ રીડીંગમાં ભૂલ થઈ હતી. તેમાં આવકવેરાની કલમ 10 (23 D) હેઠળ મંજુર મ્યુચ્યુલ ફંડોની યાદી સંદર્ભે મુંબઇ પલ્બીક ટ્રસ્ટ એક્ટની કલમ ૩૫ એ પ્રમાણે સુધારીને વાંચવું.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ભાંડૂપમાં ચાતુર્માસ પ્રવેશ

અષાઢી બીજને શનિવાર ૧૪-૭-૨૦૧૮ના સ્ટેશન રોડથી પૂ. સા. શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા., પૂ. સા.શ્રી તારકગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા પાંચનો ઢોલ-શરણાઇ, બેડાં ગહુંલીઓ, શ્રાવક પરિધાન જૈન બેલ્ટ વગેરેથી ભીતરના ભીનાશે, અક્ષતના વધામણે સામૈયું થયુ. પૂ. ગુરૂદેવને શુભેચ્છા આપવા સંઘો, સ્નેહીઓ અને સ્વજનો પધાર્યા હતા. આદીનાથ જિનાલયે દાદાને જુહારી સૌ ક.વી.ઓ. અચલગચ્છ જૈન સંઘ, પદમપ્રભુ જિનાલયે પધાર્યા. ગુરૂવંદના, માંગલીક આદી પછી સુત્ર-ચરિત્ર અને જ્ઞાન-પૂજામાં ચડતે પરિણામે સવાયા લાભ લેવાયા. પૂ. સા. શ્રી ભાવગુણાશ્રીજી મ.સા. પધારી પ્રસંગોચીત ઉદ્બોધન કર્યું. સિંહ ગર્જના સ્વામી સુશીલગુણાશ્રીજી મ.સા. સૌને આવકારી ચાતુર્માસ મંગલ પ્રવેશનું મહત્વનું સમજાવી, હવે ધર્મકાર્યે લાગી જવા સંદેશ આપેલ. શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડૂપ તરફથી શ્રી લહેરચંદભાઇ મૈશેરીએ નવા વરસની શુભેચ્છા આપી શેર શાયરીએ તાળીઓ પડાવી. લગભગ ૪૦૦ થી વધુ ભક્તોએ સ્વામી ભક્તિનો લાભ આપ્યો શ્રી સંઘના ઘણાં સભ્યો જોડાયા.

### કચ્છી નવા વરસની ઉજવણી

અ. સુદ બીજના દાદા ભલારા ટ્રસ્ટ તરફથી શ્રી અનંતમિત્ર મંડળે દાદા ભલારાની ભાવના ભાવી. વિનય લોડાયાએ હારમોનીયમ અને યોગેશ પટેલે તબલા ઉપર રંગત જમાવી. લાલપુર જવ્યા પાંચ જણને લક્કી ડ્રોની લોટરી મળી. ફાલ્ગુન ખોના, વિપુલ લોડાયા, અને હરીશ ડાઘાએ રંગતની રંગોળીઓ પૂરી શ્રી જયંત છેડા અને ૧૦ પુનમીયા ભકતો પધાર્યા હતા. ટ્રસ્ટે વિનય લોડાયાનું શાલ-માળાથી સન્માન કર્યું.

### પારોલા તીર્થ

પારોલા તીર્થમાં ૧૪-૭-૨૦૧૮ના સવારના પૂ. વિદુષી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. સાધ્વી શ્રી સંયમગુણાશ્રીજી મસા., પૂ. સાધ્વીશ્રી ખંતિગુણાશ્રીજી મ.સા., પૂ. સાધ્વી શ્રી ચૈત્ય ગુણાશ્રીજી મ.સા., પૂ. સાધ્વી શ્રી મલીગુણાશ્રીજી મ.સા. આદીઠાણા ૪ નો ચાતુર્માસ પ્રવેશનો થયેલ જેમાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મલકાપુરના પ્રમુખ તિલોકચંદભાઇ નરશીભાઇ દંડ, શ્રી ક.દ.ઓ સંઘ, મસ્જીદ બંદરના પદાધિકારીઓ તેમજ મુંબઈ, ધુલીયા, અમલનેર, ચોપડા, જલગામ, ચાલીસગામ, પાચોરા, હૈદ્રાબાદ, ઇન્દોર, ભચાઉ, ધરણગામ મોટી સંખ્યામાં જ્ઞાતિજનો પધારેલ. સામુહિક ચૈત્યવંદન બાદ પુજ્યશ્રીના મુખે માંગલિક સાંભની ચડાવવામાં ભાગ્યશાળી દાતાઓએ લાભ લીધેલ. ગુરૂપૂજન શ્રી ક.દ.ઓ. મસ્જીદ બંદર સંઘ મુંબઈ કામળી ઓરાવવાનો પૂ. સાધ્વી શ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા.ના સંસારી પરિવાર સાત સુધારસ સુત્ર ઓરાવવાનો લાભ હેમરાજભાઈ જેઠાભાઇ દેઢીયા હસ્તે હરીશભાઇ ધરણગામ. ભરતેશ્વર બાહૂબલી ચારિત્ર પૂ. સાધ્વી શ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા.ના સંસારી માસી વિજયાબાઇ મહેન્દ્ર પોલડીયા ઇન્દોર. મતિજ્ઞાનપૂજન ધનપતિ કુંવરજી મોમાયા જલગામ શ્રુતજ્ઞાન પૂજન : માતુશ્રી માધુરીબેન ભવાનજી લોડાયા ચાલીસગામ. અવધીજ્ઞાન પૂજન કાંતાબેન કાંતીલાલ વાલજી નાગડા હૈદ્રાબાદ મન પર્યાવ જ્ઞાનપૂજન કાંતાબેન કાંતીલાલ વાલજી નાગડા હૈદ્રાબાદ કેવલ જ્ઞાનપૂજન : કાંતાબેન કાંતીલાલ વાલજી નાગડા હૈદ્રાબાદ.

ચાતુર્માસ આરાધના ૨૫-૭-૨૦૧૮થી આરંભ થાય છે. અત્યારસુધી ૧૧૦ આરાધકો ના ફોર્મ આવેલ છે.

### શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઇ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇ દ્વારા દાતાશ્રી શ્રીમતી ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઇનાં સહયોગથી ગ્રુપનાં અધ્યક્ષ શ્રી જયેશ જૈન, ઉપાધ્યક્ષ શ્રી ગોવિંદજી પટેલ, પ્રવિણભાઇ લોડાયા, મંત્રી શ્રી કિરણ દંડના માર્ગદર્શન હેઠળ કચ્છમાં સમાજનાં જરૂરતમંદ વિદ્યાર્થી ભાઇ-બહેનોને નિઃશુલ્ક નોટબુક વિતરણ કરવામાં આવેલ. વિતરણ વ્યવસ્થા જયાબેન મુનવર-ભુજ, ભદ્રીકભાઇ મૈશેરી-ગાંધીધામ, દિનેશ મોતા-કોઠારાએ સંભાળી હતી.

### હૈદ્રાબાદની શ્રેષ્ઠ સરકારી શાળા જાહેર થઇ

હૈદ્રાબાદની સર્વ સરકારી શાળાઓમાંથી વારાપધરના હૈદ્રાબાદવાસી સ્વ. નરશી વેલજી મોમાયાની એકમેવ સુપુત્રી


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

સ્વ. શ્રીમતી નવલ હરગોવિંદ શર્માની નારાયણગુડા સ્થિત મોડેલ પ્રાઈમરી સ્કૂલને વરસની શ્રેષ્ઠ શાળા જાહેર કરવામાં આવી છે.

### મુંબઈ મહાજન

મહાજનની વ્યવસ્થાપક સમિતિની એક સભા ૧૭ જુલાઇ ૨૦૧૮ના મળી હતી, જેમાં કાર્યસૂચિની અન્ય ચોક્કસ સ્પષ્ટ બાબતો ઉપરાંત એક અચોક્કસ-અનિર્દિશિત બાબત હેઠળ 'અનંતછાયા'ની વેચાણ કિંમતમાંથી 'અનંતસિદ્ધિ'ના પુનર્વિકાસ માટે ૨૦ કરોડ અને આવાસ યોજના માટે ૧૫ કરોડના ખર્ચ કરવા અનંતનાથજી ટ્રસ્ટની વિનંતીના સંદર્ભે બંને વિષયે મંજુરી અપાઇ હતી અને તે માટે આખરની મંજુરી અર્થે મહાજનની સામાન્ય સભા બોલાવવાનું નક્કી થયું હતું. આ સભામાં અનંતનાથજી ટ્રસ્ટના કેટલાક ટ્રસ્ટીઓ જે વ્યવસ્થાપક સમિતિના સભ્ય નથી તેઓ પણ હાજર રહ્યા હતા. આ સભાની એક ચોક્કસ કાર્યસૂચિ 'ઐરોલી મહાજનવાડી બાબત વિચારણા' પણ દર્શાવવામાં આવેલ જે અંગે સભાએ શો નિર્ણય લીધો હતા તેની માહિતી હજી મળી નથી.

### સમસ્ત મહાજન - મેડીકલ એડવાઇઝરી

આપણી જ્ઞાતિના ડોક્ટર-પેરા મેડીકલ - હેલ્થ વર્કર્સની ડાયરી બનાવવામાં આવી રહી છે. આપના કુટુંબ - સગાસંબંધીમાંથી કોઇ ડોક્ટર હોય તો નામ/ડીગ્રી/મોબાઇલ નં./રહેઠાણ વ.ની વિગત મોકલવા વિનંતી છે. દરેક ગામના મહાજનોને તેમના ગામમાં ડોક્ટર હોય તો વિગત મોકલવા ભલામણ છે. વિગતો રમેશ મોતા (મુલુંડ)ને મોબાઇલ નં. 9819655259 પર વોટ્સઅપ કે SMSથી વહેલી તકે મોકલવી.

### શ્રી કચ્છી જૈન મહિલા મંડળ, કલકત્તા

૯-૬-૨૦૧૮ના રોજ દીના શાહના ઘરે કોફીમીટ રાખવામાં આવેલ રમેલ ગેમ્સમાં ૧) મંજરી વીરા ૨) ગીતા શાહ, ૧) મંજરી વીરા, ૨) રીટા શાહને પ્રાઇઝ મળેલ. હાઉઝી રમ્યા. ૩૦-૬-૨૦૧૮ના રોજ કચ્છી ભુવન મધ્યે મકાઇમાં બનતી વાનગીની હરિફાઇ રાખવામાં આવેલ, સવાલ જવાબ પૂછવામાં આવેલ જેનો જવાબ સાચો પડે તેને લક્કી ડ્રો થી ઇનામ આપવામાં આવેલ. કચ્છના ગામોની હાઉઝી રમાડવામાં આવેલ અલ્પાહાર રાખવામાં આવેલ. મકાઇની વાનગીમાં ૧) વીરા લાલકા ૨) પ્રભા ધુલ્લા ને પ્રાઇઝ મળેલ. કચ્છના ઐતિહાસિક પીક્ચર જોઇ નામ લખવાના હતા ૧) સરલા શાહ ૨) ગીતા શાહને પ્રાઇઝ મળેલ. બધા પ્રાઇઝ લક્કી ડ્રો થી રાખવામાં આવેલ. ૬-૭-૨૦૧૮ના રોજ લીલાવંતીબેન ના ઘરે કોફીમીટ રાખવામાં આવેલ. ત્યાર બાદ બે ગેમ્સ રમાડવામાં આવેલ. ગેમ્સમાં દીના શાહ, ગીતા શાહ, ગીતા શાહને પ્રાઇજ મળેલ. ત્યારબાદ હાઉઝી રમ્યા. ૧૪-૭-૨૦૧૮ના અષાઢી બીજ ગુણવંતીબેન શાહ તરફથી પાર્શ્વનાથ પંચકલ્યાણી પૂજા ભણાવવામાં આવેલ. સાંજના સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ ત્યારબાદ સાધર્મિક ભક્તિ કરાવવામાં આવેલ. તેમણે રૂા. ૨૦ પ્રભાવના કરેલ મંડળને રૂા. ૨૫૦૦ ભેટ આપેલ. ૧૫-૭-૧૮ના રોજ કચ્છી નાટક નમે તે નાર, થાય બેડો પાર, નાટક બતાડવામાં આવેલ. ૧૬-૭-૧૮ના રોજ જ્યોતિબેન ધુલ્લાના ઘરે જાપ રાખવામાં આવેલ. રૂા. ૨૦ પ્રભાવના મંડળને રૂા. ૫૦૦/- ભેટ આપેલ છે.


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976


### શ્રી અજિતનાથ જિનાલય, હુબલી

શ્રી અજિતનાથ જિનાલયની ૧૧૦મી વર્ષગાંઠ નિમિત્તે સુપુત્રી બાયાંબાઇ મુલજી ગોશરની વર્ધમાન તપની પચાસમી ઓળી પૂર્ણાહુતિ નિમિત્તે તેમના તરફથી તા. ૧૭-૬-૧૮ના રવિવારના જિનાલયમાં સવારના નવ વાગે અઢાર અભિષેક રાખવામાં આવ્યા હતાં. અભિષેક બાદ શ્રી સંઘ સ્વામીવાત્સલ્ય જમણ અને સંઘપૂજન કરવામાં આવ્યું.

૧૯-૬-૨૦૧૮ને મંગળવારના શ્રી અજિતનાથ જિનાલયમાં સવારના સત્તરભેદી પૂજા ભણાવી ચડાવા સાથે ધ્વજાનું કાર્યક્રમ હતું. ધ્વજાના કાર્યક્રમ બાદ શ્રી સંઘ સ્વામીવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ચી. આદિત્ય દિવ્યાંગ ચીમનલાલ મોમાયા ૧૩ વર્ષની ઉમરમાં દેવશી અને રાયશી એમ બે પ્રતિક્રમણ કંઠસ્થ અભિયાનમાં જોડાઇ. બી શ્રેણીમાં પાસ થઇ ઉજ્જ્વળ કારકિર્દિનો પાયો નાખેલ છે. તે માટે શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી એને રૂા. ૫૦૦ અને પ્રમાણપત્ર જે હુબલી મહાજનને મોકલેલ તે હુબલી મહાજનના સેક્રેટરી શ્રી ભરતભાઇ મોમાયા ધ્વજાના દિવસે એને અર્પણ કરેલ.

### દાદા કલ્યાણસાગરસૂરિ જૈન પાઠશાળા

ઉપરોક્ત પાઠશાળા ૫૩ વરસથી કાર્યરત છે આ પાઠશાળામાંથી જૈન ધાર્મિક શિક્ષણના સંસ્કારે રંગાઇ ૧૮/૧૮ સંયમીઓ જૈન ધર્મની ધુરા લઇ જિન શાસનને

ઝળકાવી રહ્યા છે !!

શ્રી ક.દ.ઓ. જૈન સંઘે આને અનુલક્ષીને પાઠશાળાએ જે વિદ્યાર્થી વરસમાં ૨૬૫ દિવસની હાજરી અને પાઠશાળાએ નક્કી કરેલ સુત્રો ગાથાઓ કંઠસ્થ કરશે તેને ''સિધ્ધાચલની યાત્રા નિશુલ્ક'' વિમાનમાં કરાવશે. દૂર દૂર રહેતા વિદ્યાર્થીઓ માટે પાઠશાળામાં આવવા-જવા રીક્ષાની પણ વ્યવસ્થા કરી છે. આનો પ્રચાર અને પસાર કરવા પાઠશાળાના ચાર બાળકો ભાવીન લોડાયા, જય ધરમશી, ધર્મીન લોડાયા અને દર્શન દેઢિયા ભાંડૂપના ઘરે ઘરે જઈ સમજણ આપી જહેમત કરી છે જેની વીડીઓ ક્લીપ ૩૫૦૦ જણે જોઈ ખુશી વ્યક્ત કરી. પાઠશાળાની સુવર્ણ જયંતિ ઉજવવા પાઠશાળા સાથે આ શાળાના ભૂત-પૂર્વ ધાર્મિક ટીચર પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. સંગીન પ્રયત્નો કરી રહ્યા છે.

ગયા વરસે ધાર્મિક પરિક્ષામાં પાસ થયેલ જિનાંગી પારસ મૈશેરી-ધો. ૨, સ્તુતિ પારસ મૈશેરી-બાલવર્ગ, ક્રિયા મૈશેરી-ધો. ૩, જિયા મોમાયા-ધો. ૧, સંયમ લોડાયા-ધો. ૨, ઓમ સોની-બાલવર્ગ, ડિંકલ મૈશેરી-ધો. ૨, મિનલ લોડાયા-ધો. ૫, રોનીલ દંડ- ધો. ૨ ઉપરોક્ત સૌને રૂા. ૫૦૦/-નું પ્રોત્સાહન અપાયું.

### દહીસરની નવનીત હાઈટેક હૉસ્પિટલમાં ઘુંટણ બદલીના ઓપરેશન ચાર્જમાં ઘટાડો

૯ વર્ષથી ચાલતી, હવેથી ૮૫ બેડની હોસ્પિટલમાં ઘુંટણ બદલીના ઓપરેશન સારી ક્વાલીટીના ઈમ્પ્લાન્ટ સાથે નેવીગેશન મશીન વગર રૂા. ૯૯ હજારમાં તથા મશીનથી રૂા. ૧,૦૯,૦૦૦/- થી કરી આપવામાં આવશે. દવાનો ખર્ચ અલગથી થશે. નવનીત હાઈટેક હોસ્પિટલ, રેલ્વે ફાટક પાસે, દહીંસર (ઈસ્ટ), ફોન.: 28935858, 28938866, સંપર્ક : કે.સી. લુઠીયા - 9820039469.

### શ્રી વરીડાયા જૈન મહિલા મંચ, મુંબઈ

૧-૭-૨૦૧૮ના મહિલા મંચની મહાવીર ધામ, વીરાર પાસે માંડવી હીલ રીસોર્ટની એક દિવસીય પીકનીકમાં ૨૨ સભ્યો સહીત કુલ ૪૮ વરાડીયા વાસીઓ તથા નિયાણી બહેનો જોડાયા હતા. તથા બધાએ ખૂબજ સારી રીતે વોટર પાર્કમાં આનંદ માણ્યો હતો.

**પત્રવ્યવહારમાં PS નંબર જણાવવા વિનંતિ**

આપને મળતા 'પ્રકાશ સમીક્ષા'ના અંકના છેલ્લે પાને નીચેના જમણા ખુણામાં આપના સરનામાનું સ્ટીકર હોય છે તે ઉપર જે **PS** નંબર દર્શાવેલ છે તે અમારા રજીસ્ટરમાં આપનો કાયમી સંદર્ભ નંબર રહેશે. તેથી સરનામાં બદલ થવાની, અંક ન મળવાની અને જીવનચક્ર જેવી બાબતે પત્રવ્યવહાર કરતી વખતે ઉપરોક્ત સંદર્ભ નંબર અવશ્ય જણાવશો અન્યથા આપના પત્રના વિષયે ધ્યાન આપી શકાશે નહીં કે વિલંબ થશે તેની નોંધ લેવા વિનંતિ.

### અનંત પેથોલોજી લેબની પ્રથમ વર્ષગાંઠ



શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ, શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ સંચાલિત અનંત પેથોલોજી લેબની પ્રથમ વર્ષગાંઠ ૧૬-૭-૨૦૧૮ના ઉજવાઈ આ પ્રસંગે આપણી જ્ઞાતિના પેથોલોજીસ્ટ શ્રી દિપ્તી ચંપકભાઈ જીવાણી તથા શ્રી હેમંત ધુલ્લા દ્વારા ચકાસણીના રિપોર્ટ રાહત દરે કાઢી આપવામાં આવ્યા તથા દંત ચિકિત્સા ડૉ. હિતેન મહેન્દ્ર શાહ દ્વારા ૨૫% રાહત દરથી આપવામાં આવી હતી જેનો ડોંબિવલી પરિસરના જ્ઞાતિજનોએ લાભ લીધા હતો.

## શ્રી ભલારાદાદા સ્થાનક - કુવાપધર ધ્વજા મહોત્સવે હાર્દિક આમંત્રણ

**શ્રી ભલારાદાદા સ્થાનકે ૨૧માં ધ્વજા મહોત્સવ પ્રસંગે સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ છે.**

મુંબઈ થી પ્રસ્થાન **શનિવાર તા. ૧૫-૧૨-૨૦૧૮**ના
સયાજી નગરી ટ્રેન દ્વારા
કચ્છ થી રવાના **બુધવાર તા. ૧૯-૧૨-૨૦૧૮**ના
કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા

સ્થાનિકે **ધ્વજા મહોત્સવ તા. ૧૮-૧૨-૨૦૧૮**ના
લાભાર્થી **માતુશ્રી તારાબેન જવેરચંદ ખેતશી મોતા પરિવાર** (કુવાપધર) હ : **મુકેશ જવેરચંદ મોતા**

જે પણ ભાઈ બહેનોને આવવાની ઈચ્છા હોય તેમને રૂા. ૨૫૦૦/- ભરી નામ લખાવવા વિનંતી.

**નામો લખાવવાની અંતિમ તા. ૧૦-૦૮-૨૦૧૮**

સંપર્ક
પદમ સોજપાર મોતા - 93211 01201
વિનોદ ખેતશી મોતા - 93212 86627
મુલરાજ ગોવિંદજી મૈશેરી - 98676 60210
રાયચંદ દેવશી જીવાણી - 98330 43749

## જીવનચક્ર

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૦૭-૧૮ | અંતરજાલ | ચિરાગ હિતેન્દ્ર ત્રિકમજી લાલકા | વારાપધર | ૨૯ |
| | ચોપડા | કાજલ રવીન્દ્ર નરશી લોડાયા | નલિયા | ૨૩ |
| ૧૭-૦૭-૧૮ | મસ્જિદ બંદર | પારસ તીલકચંદ જેઠાભાઈ મૈશેરી | સાંધાણ | ૪૦ |
| | અમદાવાદ | નમીતા મહેન્દ્ર દામજી છેડા | સુથરી | ૩૯ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૭-૧૮ | ગુલબર્ગા | ભાવિક પંકજ જીવરાજ ગાલા | ભોજાય | ૨૫ |
| | ઊંજા | દિવ્યા હરેશ શામજી ધરમશી | કોઠારા | ૨૨ |

### ભૂલ સુધાર

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૭-૧૮ | મુલુંડ | ચિંતન શરદ કલ્યાણજી મૈશેરી | માંડવી | ૩૫ |
| | અમદાવાદ | હિરલ મહેન્દ્રકુમાર મફતલાલ શાહ | વડાવલી | ૩૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૭-૧૮ | ડોમ્બીવલી | અનિતા રાજેશ દામજી શિયાલ | દલતુંગી | ૩૬ |

# વીતેલો સમય ક્યારેક....

તો પેલી છોકરીની નજરમાં એકદમ ચમકારો થયો. અરે વાહ, તું! એણે એકદમ ઉષ્માથી હગ કર્યું. આંખોમાં આંખો પરોવીને કહ્યું, તને જોઈને મજા પડી ગઈ. આપણે કેવા ઝઘડતાં નંઈ ? કોઈ દિવસ આપણે બન્યું જ નહોતું, છતાં અત્યારે તને જોઈ ખૂબ આનંદ થાય છે. છોકરીને આશ્ચર્ય થયું. આ એ જ છે, જે એક નંબરની વાયડી હતી. હાથ ઊંચો કરી તેણે કાંડું બતાવ્યું. એક નિશાન હતું. આ યાદ છે ને ? એક વખત તેં મારો હાથ મચકોડ્યો હતો. મેં પહેરેલી કાચની બંગડી તૂટીને મારા હાથમાં ઘૂસી ગઈ હતી. હજુ એ નિશાન છે. જ્યારે જોઉં છું ત્યારે તું યાદ આવતી રહે છે. તને ધિક્કારી છે. પેલી છોકરીએ એ હાથ હાથમાં લઈ હળવેકથી એ ડાઘ ઉપર કિસ કરી. આંખ ઊંચી કરી તો દેખાયું કે એ થોડીક ભીની હતી. એણે કહ્યું, સોરી ડિયર, ત્યારે ક્યાં કંઈ સમજ હતી ? એની આંગળી ડાઘ પર ફરતી રહી, ડાઘ તો ઝાંખો ન થયો, પણ દિલમાં કંઈક ઊજળું જરૂર થયું. એ ગળી વળગી ગઈ. એને થયું, સમયના ચહેરા પણ કેટલા બદલાઈ જતા હોય છે!

આપણે બે સમયની વચ્ચે જીવતા હોઈએ છીએ. ચાલી ગયેલો સમય અને આવનારા સમય વચ્ચે ઊભા રહીએ ત્યારે ઘણી વખત સવાલ થાય કે, પાછળ વળીને જોવું કે નહીં ? દરેક વખતે તો ક્યાં કંઈ આપણને પૂછીને થતું હોય છે ? અચાનક જ આપણે વીતેલા સમયમાં સરી જઈએ છીએ.

સરી ગયેલા સમય પર ચાંદીનો વરખ હોય છે. થોડોક હરખ હોય છે. દરેક વખતે સંવેદના જ હોય એવું જરૂર નથી, ક્યારેક થોડીક વેદના પણ હોય છે. પાનાંઓ ઊઘડે ત્યારે થોડાંક પાનાં જીર્ણ પણ થઈ ગયાં હોય છે. ભીની આંખોની યાદો પણ હોય છે. વીતેલું બધું ભુલાતું નથી છતાં અમુક વાતો ભૂલવી પણ પડતી હોય છે. યાદ તો આવવાનું જ, બધું જ, સારું પણ અને ખરાબ પણ, આનંદ પણ અને આઘાત, ધબકારા પણ અને ધ્રાસ્કો પણ, અહેસાસ પણ અને આક્રંદ પણ, બધું જ યાદ આવવાનું. યાદ આવે પછી પણ શું યાદ રાખવું અને શું ભૂલી જવું એ નક્કી કરવું પડતું હોય છે. વીતી ગયેલો સમય પણ જીવાઈ ગયેલો સમય હોતો નથી એ થોડો આપણી સાથે રોજેરોજ જીવાતો હોય છે.

**છેલ્લો સીન** : વીતેલો સમય પણ વસવસો નહીં, વિસામો આપવો જોઈએ. સારાં સ્મરણોને સજીવન રાખવા માટે ઘણી ઘટનાઓ દફનાવી દેવી પડે છે.

### ધર્મ સંદેશ - ૧૨૫ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) અધોલોક (૪) છત્ર (૫) પાલ (૬) પત્રી (૭) પટ્ટ (૮) શનિવાર
(૯) સતી (૧૦) કલહ (૧૨) દેવાલય (૧૩) રતિઅરતિ (૧૬) ઘંટ
(૧૭) નંદાવ્રત (૨૧) દાદા (૨૨) રક્ષાપોટલી (૨૪) ચાર (૨૫) જપ
(૨૬) નામ (૨૭) ભોંયણી (૨૮) બે (૨૯) રસ

ઊભી ચાવીઓ -
(૧) અષ્ટાપદ (૨) લોચ (૩) ઝાલર (૪) છત્રીસહજાર
(૫) પાવાગઢ (૮) શત્રુંજય (૧૧) સેવા (૧૨) દેવાનંદા
(૧૪) અઠ્ઠમ (૧૫) તિવિહાર (૧૮) દાદા (૧૯) તરપણી
(૨૦) પાટ (૨૩) પોસલી (૨૪) ચામર (૨૫) જય

# ભાવભીની શ્રધ્ધાંજલિ







**સ્વ. ટેકેન્દ્રભાઈ માણેકજી ઘેલાભાઈ ધરમશી**
(કચ્છ–કોઠારા, હાલ – ઈન્દૌર)
જન્મ : ૧૯-૧૦-૧૯૪૯
અરિહંત શરણ : ૨૨-૦૬-૨૦૧૮

**સ્વ. હરીશભાઈ માણેકજી ઘેલાભાઈ ધરમશી**
(કચ્છ–કોઠારા, હાલ – ઈન્દૌર)
જન્મ : ૩-૧૨-૧૯૪૭
અરિહંત શરણ : ૬-૭-૨૦૧૮

જીવનના દરેક ડગલે અને પગલે પરિવારના સદા પથદર્શક રહ્યા છો.
તમારા હેતની નહોતી કોઈ હદ, સ્નેહના નહોતા કોઈ સીમાડા....
તમારા આશિષમા નહોતી કોઈ અધુરાશ, કરૂણાના નહોતા કોઈ કિનારા....
તમારી બેઉની વિદાય અને સ્નેહ સંસ્કારો હરપળ યાદ આવશે.
તમારી ઉપસ્થિતી નથી એ મન માનતુ જ નથી, તમારી ખોટ ક્યારેય પુરવાની નથી.
તમારો લાગણીસભર, મિલનસાર સ્વભાવ પળ પળ યાદ આવશે.
અમારા અંતરમન મન થી ભાવભીની શ્રધ્ધાંજલિ આપિયે છીએ.

પરમકૃપાળુ પરમાત્મા આપની આત્માને ચિરશાંતિ અને ઉચ્ચગતિ આપે એજ પ્રાર્થના....

## શોકાતુર

પત્ની : **હેમલતાબેન ટેકેન્દ્રભાઇ ધરમશી** (ઇન્દૌર)
પુત્ર-પુત્રવધુ : **સૌ. તેજલ ભાવેશ ધરમશી** (ઇન્દૌર)
પુત્ર-પુત્રવધુ : **સૌ. નીશા જયેશ ધરમશી** (ઇન્દૌર)
પુત્રી-જમાઇ : **સૌ. નેહા હેમંત પ્રફુલભાઇ શિઆલ** (મુલુંડ)
પૌત્ર-પૌત્રી : **દ્રષ્ટિ, સોહમ, વેદાન્ત, જૈનમ**
દૌહિત્રા : **નમન, નીલ**

પત્ની : **સ્વ. લીલાબેન હરીશભાઇ ધરમશી** (ઇન્દૌર)
પુત્રી-જમાઇ : **સૌ. જયશ્રી તરૂણ મણીલાલભાઈ ડાઘા** (ઉદયપુર)
પુત્રી-જમાઇ : **સૌ. પલ્લવી રૂપેશ લહેરચંદભાઈ જીવાણી** (નાંદેડ)
દૌહિત્રા-દૌહિત્રી : **તનવી, લેશા, માનસ, જય, જીત**

ભાઈ-ભાભી : **સૌ. હીરાબેન મહેન્દ્રભાઈ ધરમશી** (ઇન્દૌર)
**ગં.સ્વ. હીનાબેન શશીકાંતભાઇ ધરમશી** (ઇન્દૌર)
**ગં.સ્વ. રાજકુમારી લહેરેન્દ્રભાઇ ધરમશી** (ઇન્દૌર)

બહેન-બનેવી : **સ્વ. હેમલતાબેન લાલજીભાઈ મોતા** (મુલુંડ)
**સ્વ. જ્યોત્સનાબેન પ્રેમચંદભાઈ મોતા** (થાણા)
**ગં.સ્વ. ધનલક્ષ્મીબેન અભયભાઇ છેડા** (થાણા)
**ગં.સ્વ. યામિનીબેન કિર્તિચંદભાઇ પોલડીયા** (વડોદરા)

સાસુ-સસરા : **સ્વ. ચંપાબેન દેવશી હીરજી મોમાયા**
**પરિવાર** - સુથરી (વડોદરા)

સાસુ-સસરા : **સ્વ. પુનબાઇ મેઘજી પાશ્વીર મોતા**
**પરિવાર** - નલીયા (ચૈન્નઇ)

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (23-07-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001


# પ્રથમ પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



## માતુશ્રી જમકુબાઈ વેલજી મૈશેરી

**કચ્છ-મોટી સિંધોડી** **હાલ-ખામગામ**

જન્મ : ૨૦-૩-૧૯૩૦ દેહ વિલય : ૨-૮-૨૦૧૭

પરિવાર જેમનું મંદિર હતું, કર્મ એમનું કર્તવ્ય હતું
સ્નેહ એમની શક્તિ હતી. પરમાર્થ જેમની ભક્તિ હતી,
કરૂણ જેમના હૃદયમાં હતી, પરોપકાર જેમના પગલામાં હતું,
કોઈના દુઃખે દુઃખી અને કોઈના સુખે સુખી એવો તમારો જીવંનમંત્ર હતો.

ઓ દિવ્યઆત્મા આપ જ્યાં હો ત્યાં પરમ સુખ શાંતિ અને ઉચ્ચ ગતિ પામો એજ

**સ્વ. કુંવરજી ખીંચરાજ મૈશેરી પરિવાર, સ્વ. વેલજી કુંવરજી મૈશેરી પરિવાર ખામગામ**
**સ્વ. દામજી લીલાધર લોડાયા પરિવાર હૈદરાબાદ** ના પ્રભુચરણે પ્રાર્થના....

**અંબીકા હૉટેલ** શ્યામલાલ રોડ, મોહન ટોકીઝ, ખામગામ **M. 9922170866 9423702020**


## કે.એન. અજાણીની સો વરસની શાનદાર સફળ સફર

દુરદર્શી ક.દ.ઓ. શ્રી કેશવજીભાઇ અજાણીએ સો વરસ પહેલા સ્થાપેલી કે.એન. અજાણી, સુડી, ચપ્પા, તથા તાળા બનાવવાવાળી પ્રતિષ્ઠિત પેઢી છે. જુલાઇ ૨૦૧૮માં આ કંપનીએ પોતાની સો વરસની શાનદાર સફળ સફર પરિપૂર્ણ કરી છે એ પ્રસંગે પ્રકાશ સમિક્ષાના અભિનંદન.








A variety of nutcrackers available at the store




if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,